सत्यमेव जयते

કેસ પ્રાપ્તિ તારીખ :
કેસ દાખલ તારીખ :
કેસ નિર્ણીત તારીખ:
અવધી : વર્ષ માસ દિવસ.

## પોરબંદરના મ્હે. સ્પેશ્યલ (ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ) જજ સાહેબની અદાલતમાં

સ્પે. (પોકસો) કેસ નં. ૦૭/૨૦૨૫

ધી સ્ટેટ ઓફ ગુજરાત .......... ફરીયાદી.

**વિરુધ્ધ**

રાહુલ લાખાભાઈ જાદવ,
ઉ.વ.૨૩, રહે, જામ રાવલ ગામ, હનુમાનધાર ફકડનાથ બાપુની ડેરી પાસે, તા. કલ્યાણપુર.
જી. દેવભુમી દ્વારકા. .......... આરોપી.

ગુન્હો :- ભારતીય ન્યાય સંહિતા (૨૦૨૩) ની કલમ- ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ) ૬૫(૧) તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૮ મુજબ.

**ફરીયાદ પક્ષે વિ. સરકારી વકીલશ્રી એસ. બી. જેઠવા.**
**આરોપીપક્ષે વિ.વકીલશ્રી પી. એન. કોટીયા.**

## -:: ચુકાદો ::-

(૧) પોકસો એકટના કાયદાની કલમ-૩૩(૭) તથા કલમ-૩૭ ના પ્રબંધો મુજબ ટ્રાયલ દરમ્યાન બાળકની ઓળખ જાહેર થવી ન જોઈએ. જેથી આ ચુકાદામાં ભોગ બનનાર બાળકનું નામ જાહેર કરેલ નથી અને બાળકના નામને બદલે બાળકને '' ભોગ બનનાર '' તરીકે સંબોધવામાં આવેલ છે.

તથા ટ્રાયલ ઈન–કેમેરા ચલાવવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપી વિરુધ્ધ રાણાવાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદી ધ્વારા જાહેર કરવામાં આવેલી ફરીયાદ આધારે ગુ.ર.નં.પાર્ટ એ – ૧૧૨૧૮૦૧૫૨૫૦૨૨૧/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧ ૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)૬૫(૧) તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ તપાસ કરનાર અમલદારે ફાઈલ કરતાં હાલનો સ્પેશ્યલ કેસ ઉપસ્થિત થયેલો છે.

**ફરીયાદ પક્ષનો કેસ :**

(૩) આ કામના ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૯–૧૦–૨૦૨૪ ના કલાક ૧૫–૫૦ વાગ્યાના અરસામાં આદિત્યાણા મુકામેથી ભોગ બનનાર ફરીયાદીના કાયદેસરના વાલીપણામાં રહેલ હોય અને જેઓ સગીર વયની હોય તેઓને બદકામ કરવાના ઈરાદે લલચાવી, ફોંસલાવી લગ્ન કરવાની લાલચ આપી તેનું અપહરણ–અપનયન કરી ભગાડી જઈ તેણી સાથે તેણીની ઈચ્છા અને મરજી વિરુધ્ધ ભોગ–બનનાર સાથે શરીર સબંધ બાંધેલ અને બળાત્કાર કરેલ. તે મતલબના આક્ષેપ સાથે ફરીયાદીએ આરોપી વિરુધ્ધ ફરીયાદ આપેલ છે.

**પોલીસ તપાસ :**

(૪) ફરીયાદી ધ્વારા ઉપરોકત હકીકતે રાણાવાવ પોલીસ સ્ટેશનમાં પોતાની ફરીયાદ હકીકત જાહેર કરેલ અને ફરીયાદ આધારે ગુ.ર.નં.પાર્ટ એ – ૧૧૨૧૮૦૧૫૨૫૦૨૨૧/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧ ૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)૬૫(૧) તથા પોકસો એકટની કલમ–૪, ૬,

૮ મુજબની ફરીયાદ દાખલ કરવામાં આવેલ. ત્યારબાદ આ કામના તપાસ કરનાર અધિકારીશ્રી ધ્વારા ઉપરોકત ગુન્હાના કામે તપાસની કાર્યવાહી હાથ ધરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, જરુરી પંચનામાઓ કરેલા તેમજ તપાસની સંપુર્ણ કાર્યવાહીના અંતે હાલના આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા અત્રેની સ્પેશ્યલ કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ. જે અત્રેની અદાલત ધ્વારા રજીસ્ટરે લઇ સ્પે. કેસ નં. ૭ /૨૦૨૫ થી નોંધવામાં આવેલ છે.

**ચાર્જ અને પ્લી :**

(૫) આરોપીને અત્રેની કોર્ટમાં હાજર કરવામાં આવતા તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી, અત્રેની કોર્ટ ધ્વારા આક–૧૨ થી તેઓ વિરુધ્ધ આક્ષેપાયેલા ગુન્હાઓ સબંધેનું તહોમતનામુ ઘડી, તે આરોપીને વાંચી સંભળાવી, સમજાવતા આરોપીએ પોતાના આંક–૧૩ ના જવાબમાં ગુન્હો નાકબુલ કરી પોતે પોતાનો બચાવ ખાનગી વકીલ રોકી કરવા માંગતા હોવાનું જાહેર કરેલ હતુ અને તેથી ત્યારબાદ આ કામ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

**ફરીયાદ પક્ષના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ :**

(૬) ફરિયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

**<u>મૌખિક પુરાવા</u> :–**

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો દરજજો. | આંક |
|---|---|---|---|
| ૧. | પાંચાભાઈ પોલાભાઈ મકવાણા | ફરીયાદી | ૧૪ |
| ૨. | ભોગ બનનાર | –– | ૧૬ |
| ૩. | ડો. નિલેષભાઈ સામતભાઈ મકવાણા | મેડીકલ ઓફીસર | ૨૦ |

| | | | |
|---|---|---|---|
| ૪. | ડો. નયનભાઈ રાજેશભાઈ કરમટા | મેડીકલ ઓફીસર | ૨૪ |
| ૫. | અરવિંદભાઈ વેલાભાઈ મકવાણા | પંચ સાહેદ | ૩૬ |
| ૬. | પ્રકાશભાઈ બધાભાઈ હુણ | પંચ સાહેદ | ૩૮ |
| ૭. | કરશનભાઈ વીસાભાઈ ઓડેદરા | પંચ સાહેદ | ૩૯ |
| ૮. | કમલેશગીરી દોલતગીરી અપારનાથી | પંચ સાહેદ | ૪૯ |
| ૯. | જીતેન્દ્રભાઈ પ્રેમજીભાઈ મકવાણા | પંચ સાહેદ | ૫૩ |
| ૧૦. | નયનાબેન નારણભાઈ તળાવીયા | ત.ક.અ. | ૫૫ |

## <u>દસ્તાવેજી પુરાવા</u> :-

| **અ.નં.** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૫ |
| ૨. | ભોગ બનનારનું બી.એન.એસ.એસ. કલમ-૧૮૩ મુજબનું નિવેદન | ૧૭ |
| ૩. | ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રની નકલ | ૧૮,૧૯ |
| ૪. | ઓપીડી કેસ પેપર્સ | ૨૧ |
| ૫. | પોલીસ યાદી | ૨૨ |
| ૬. | ભોગ બનનારનું મેડી. સર્ટી. | ૨૩ |
| ૭. | પોલીસ યાદી | ૨૫ |
| ૮. | ભોગ બનનારના ઓપીડી કેસ પેપર્સ | ૨૬ |
| ૯. | ફોર્મ નં. ૨(બી) | ૨૭ |
| ૧૦. | ભોગ બનનારના મેડીકલ રીપોર્ટ | ૨૮,૨૯ |
| ૧૧. | ભોગ બનનારનું ઈન્જરી સર્ટી. | ૩૦ |
| ૧૨. | પોલીસ યાદી | ૩૧ |

| | | |
|---|---|---|
| ૧૩. | આરોપીના ઓપીડી કેસ પેપર્સ | ૩૨ |
| ૧૪. | ફોર્મ નં. ૨(બી) | ૩૩ |
| ૧૫. | નમુના લીધેની ચાદી | ૩૪ |
| ૧૬. | આરોપીનું ઈન્જરી સર્ટી. | ૩૫ |
| ૧૭. | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૩૭ |
| ૧૮. | આરોપીના કપડા કબજે લીધાનું પંચનામુ તથા મુદ્દામાલ બેગીની કાપલીઓ | ૪૦ થી ૪૩ |
| ૧૯. | ભોગ બનનારના કપડા કબજે લીધાનું પંચનામુ તથા મુદ્દામાલ બેગીની કાપલીઓ | ૪૪ થી ૪૮ |
| ૨૦. | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ | ૫૦ |
| ૨૧. | મુદ્દામાલ વાહન કબજે લીધાનું પંચનામુ તથા મુદ્દામાલ બેગીની કાપલી | ૫૧/૫૨ |
| ૨૨. | ભોગ બનનાર તથા આરોપીના સેમ્પલ કબજે લીધાનું પંચનામુ | ૫૪ |
| ૨૩. | સ્ટેશન ડાયરીની નકલ | ૫૬ |
| ૨૪. | રીપોર્ટસ | ૫૭/૫૮ |
| ૨૫. | ગુન્હો રજી. કરવાનો રીપોર્ટ | ૫૯ |
| ૨૬. | વીએચએફ મેસેજ | ૬૦/૬૧ |
| ૨૭. | કલમ-૬૩(૪)(સી) નું સર્ટી. | ૬૨ |
| ૨૮. | એફ.એસ.એલ. નો સ્થળ પરીક્ષણ અહેવાલ | ૬૩ |
| ૨૯. | સરકારી પંચો ફાળવવા કરેલ ચાદી | ૬૪/૬૫ |
| ૩૦. | પી.એસ.આઈ. રાણાવાવને કરેલ ચાદી | ૬૬ |
| ૩૧. | મેડી. ઓફીસરને કરેલ ચાદી | ૬૭ |
| ૩૨. | ભોગ બનનારના નમુના લીધેલાનો રીપોર્ટ | ૬૮ |
| ૩૩. | આરોપીની મેડીકલ તપાસણી કરવા કરેલ ચાદી | ૬૯ |

| | | |
|---|---|---|
| ૩૫. | સેમપલ કલેકટ કર્યાનો રીપોર્ટ | ૭૦ |
| ૩૬. | લેડી હોસ્પીટલને કરેલ રીપોર્ટ તથા યાદી | ૭૧/૭૨ |
| ૩૭. | વાહનને લગતી લાઈવ માહીતી માટેનો રીપોર્ટ | ૭૩ |
| ૩૮. | મુદ્દામાલ વાહનના ડોકયુમેન્ટ | ૭૪ |
| ૩૯. | ભોગ બનનારનું નિવેદન લેવા કરેલ રીપોર્ટ | ૭૫ |
| ૪૦. | ભોગ બનનારનું સહમતી પત્ર | ૭૬ |
| ૪૧. | રાણાવાવ નગરપાલીકાને કરેલ રીપોર્ટ | ૭૭ |
| ૪૨. | ઓખામઢી ટોલનાકાને કરેલ રીપોર્ટ | ૭૮ |
| ૪૩. | મુદ્દામાલ રવાનગી નોંધ ઓનલાઈન રવાનગી પત્રક | ૭૯/૮૦ |
| ૪૪. | એફ.એસ.એલ. ની પહોંચ | ૮૧ |
| ૪૫. | એફ.એસ.એલ. નલ ફોરવર્ડીંગ તથા પરીક્ષણ અહેવાલ | ૮૨/૮૩ |
| ૪૬. | સીડીઆર એનેક્ષર-૪ | ૮૪ |
| ૪૭. | સીડીઆર માટેનો રીપોર્ટ | ૮૫/૮૬ |
| ૪૮. | એનેક્ષર-૪ | ૮૭ |
| ૪૯. | કોલ ડીટેઈલ્સ | ૮૮ થી ૯૨ |

**આરોપીનુ વિશેષ નિવેદન :**

(૭) ત્યારબાદ આરોપીનું ક્રિ.પ્રો. કોડ કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં પુરાવો તેમની હાજરી અને સાંભળતા લેવાયેલાનું સ્વીકારેલ છે તેમજ આરોપીએ પોતાની સામેના પુરાવાની હકીકત ખરી નહી હોવાનું જણાવેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, '' ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુન્હો કરેલ નથી. અમો ઉપર ખોટી રીતે ફરીયાદ કરી હાલના ગુન્હામાં અમોને સંડોવી દીધેલ છે. અમો તદ્દન નિર્દોષ છીએ. અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા આપ સાહેબને નમ્ર અરજ છે''.

**ફરીયાદ પક્ષ તથા બચાવ પક્ષની દલીલ :**

(૮) આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ. સરકારી વકિલ શ્રી એસ.બી. જેઠવાએ પોતાની દલીલો કરતા જણાવેલ છે કે, આ કામના આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)૬૫(૧) તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૮ મુજબના ગુન્હાનો આક્ષેપ રહેલ છે. આ કામે બનાવ સમયે ભોગ બનનાર સગીર હતાં. આ કામે ભોગ બનનારના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સ્પષ્ટ રીતે સમર્થન પ્રાપ્ત થાય છે. ભોગ બનનારનો પુરાવો વંચાણે લેવામાં આવે તો તેઓએ પોતાની સાથે બનેલ તમામ ઘટનાનું વિસ્તૃત વર્ણન પોતાના પુરાવામાં કરેલ છે અને આરોપી ધ્વારા કઇ રીતે સંપર્ક કેળવી અને દુષ્કૃત્ય આચરેલ છે તેની હકીકતો જણાવેલ છે અને ભોગ બનનારના ઉપરોકત પુરાવાને ફરીયાદી કે જેઓ ભોગ બનનારના પિતા છે તેના પુરાવાથી પણ સમર્થન મળે છે. વધુમાં આ કામે રજુ થયેલ અન્ય પુરાવાઓ તેમજ ભોગ બનનારના જન્મ અંગેનો દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા ભોગ બનનાર બનાવ સમયે સગીર હોવાની હકીકતો પુરવાર થાય છે. આરોપીએ ભોગ બનનાર સગીર વયના હોવા છતાં કહેવાતુ કૃત્ય કરેલ છે. આ કામે મેડીકલ એવીડન્સ તથા પોલીસ સાહેદના પુરાવાથી પણ ઉપરોકત હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે. આમ ફરીયાદ પક્ષે મેડીકલ ઓફીસર તથા પોલીસ સાહેદ અને પંચનામા સ્વરુપના પુરાવાથી પોતાનો કેસ પુરવાર કરેલ છે. જેથી આરોપીને તકસીરવાન ઠરાવવા જોઇએ તેમ જણાવે છે.

(૯) જયારે આરોપી તરફે વિ. વકીલશ્રી પી. અને. કોટીયા તેમની દલીમાં જણાવે છે. ભોગ બનનારનો પુરાવો વંચાણે લેતા જ સ્પષ્ટ જણાય આવે છે કે, તેઓ અને આરોપી વચ્ચે પ્રેમ સબંધો રહેલા છે. અને ખુદ ભોગ

બનનારના સ્વીકાર્યા મુજબ તેઓએ કોઈ જોરજબરજસ્તી પણ કવરામાં આવેલ નથી. ભોગ બનનારનો અદાલત રુબરુનો પુરાવો અને તેનું મેજી.શ્રી રુબરુ લ ેવામાં આવેલ નિવેદન વિરોધાભાસી છે. પુરાવામાં શરીર સબંધ બાંધેલાની હકીકત જણાવે છે તે હકીકત કલમ–૧૮૩ ના નિવેદનમાં જણાવતા નથી. ભોગ બનનારના પિતાનો પુરાવો વંચાણે લેતા તેઓ તેઓ નજરે જોનાર સાક્ષી નથી તે ધ્યાને લેવુ જોઈએ. તેવી તેમની દલીલ છે અને જેથી પણ ફરીયાદવાળો બનાવ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલા નથી. તથા મેડીકલ એવીડન્સ પણ ફરીયાદ હકીકતને સપોર્ટ કરતા નથી. તે સંજોગોમાં આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવો જોઈએ.

(૧૦) આ કામે ઉપરોકત હકીકતે બંને પક્ષકારો તરફેની દલીલો તેમજ રજુ થયેલ રેકર્ડ અને પુરાવાઓ આધારે આ કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

(૧). શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ભોગ બનનાર બનાવના દિવસે બાળકી હતી એટલે કે સગીર વયની હતી ?

(૨). 1. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે આ કામના આરોપીએ તા. ૯–૧૦–૨૦૨૪ ના કલાક ૧૫–૫૦ વાગ્યાના અરસામાં આદિત્યાણા મુકામેથી ભોગ બનનાર ફરીયાદીના કાયદેસરના વાલીપણામાં રહેલ હોય અને જેઓ સગીર વયની હોય તેઓને બદકામ

કરવાના ઈરાદે લલચાવી, ફોંસલાવી લગ્ન કરવાની લાલચ આપી તેનું અપહરણ–અપનયન કરી ભગાડી જઈ તેણી સાથે તેણીની ઈચ્છા અને મરજી વિરુધ્ધ ભોગ–બનનાર સાથે શરીર સબંધ બાંધેલ અને બળાત્કાર કરેલ અને તેમ કરીને ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ), ૬૫(૧) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૩). શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ભોગ બનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં તેણી સાથે પ્રવેશ જાતીય હુમલો તથા ઉગ્ર પ્રવેશ જાતિય હુમલો કરે અને તેમ કરી ધી પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ ૨૦૧૨ની કલમ– ૪, ૬, ૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૪). શું હુકમ ?

(૧૧) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**: નિ ર્ણ યો :**

૧). મુદ્દા નં. ૧ હકારમાં

૨). મુદ્દા નં. ૨ હકારમાં

૩). મુદ્દા નં. ૩ હકારમાં

૪). આખરી હુકમ મુજબ.

(૧૨) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**–:: કા ર ણો ::–**

**<u>મુદ્દા નં. ૧ :–</u>**

**ભોગ બનનારની ઉંમર અંગેનો પુરાવો :**

(૧૩) હાલના કિસ્સામાં ફરીયાદ પક્ષના કેસ મુજબ ભોગ બનનાર એક બાળકી છે. પોકસો એકટની કલમ–ર(ડી) મુજબ બાળકની વ્યાખ્યા આપવામાં આવેલ છે જે મુજબ બાળક એટલે, અઢાર વર્ષની ઉંમર પૂરી ન કરી હોય તેવી કોઇ વ્યકિતને 'બાળક' કહેવાય છે.

(૧૪) ફરીયાદ પક્ષના કેસ મુજબ ભોગ બનનારની જન્મ તારીખ ૩૦–૪–ર૦૦૯ છે. આ સંદર્ભે પડેલ પુરાવો ધ્યાને લઇએ તો ફરીયાદ પક્ષે ભોગ બનનારને આંક–૧૬ થી તપાસેલ છે. તેમણે પોતાના પુરાવામાં પોતાની જન્મ તારીખ ૩૦–૪–ર૦૦૯ ની હોવાનું જણાવે છે અને આંક–૧૮ તથા ૧૯ થી જન્મનું પ્રમાણપત્ર રજુ કરેલ છે.

(૧૪.૧) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ ભોગ બનનારના પિતાનો પુરાવો વંચાણે લેતા તેઓએ તેમના પુરાવામાં ભોગ બનનારની ઉંમર ૧પ વર્ષની હોવાનું જણાવેલ છે.

(૧પ) ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરીએ તો ભોગ બનનારે તેમના પુરાવામાં પોતાની જન્મ તારીખ ૩૦–૪–ર૦૦૯ ની હોવાનું જણાવેલ છે એવી જ રીતે ફરીયાદીનો પુરાવો વંચાણે લેતા તેઓ પણ ભોગ બનનારની ઉંમર ૧પ વર્ષની હોવાનું જણાવે છે. આ કામે ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર કે જે આંક–૧૮ તથા ૧૯ થી રજુ થયેલ છે. તેમાં ભોગ બનનારની જન્મ તારીખ ૩૦–૪–ર૦૦૯ ની દર્શાવેલ છે. ભોગ બનનારનો પુરાવો વંચાણે લેતા તેઓએ પણ પોતાની જન્મ તારીખ ૩૦–૪–

૨૦૦૯ ની હોવાનું જણાવેલ છે. ભોગ બનનારની સદર જન્મ તારીખ નહી હોવા બાબતે કોઇ પુરાવો રેકર્ડ પર બચાવપક્ષ તરફે આપવામાં આવેલ નથી. ભોગ બનનારની જન્મ તારીખ બાબતે તેઓને ઉલટ તપાસમાં કોઇ પ્રશ્નો પુછવામાં આવેલ નથી. જેથી સદર ભોગ બનનારની જન્મ તારીખ ૩૦–૪–૨૦૦૯ હોવાનું માની શકાય અને સદર જન્મ તારીખ ન હોવા સબંધે કોઇ પુરાવો બચાવપક્ષ તરફે રેકર્ડ પર લાવવામાં આવેલ નથી તેમજ ઉલટ તપાસમાં સદર પુરાવા બાબતે કોઇ પ્રશ્નો પુછેલ ન હોય સદર જન્મ તારીખ અંગે કોઇ તકરાર પણ લેવામાં આવેલ નથી અને ગર્ભિત રીતે બચાવપક્ષે ભોગ બનનાર સદર જન્મ તારીખ સ્વીકૃત હોવાનું જણાય છે. તેમ છતાં સાથેસાથે ભોગ બનનારની ઉંમર બાબતે કાનુની પ્રબંધો કરવામાં આવેલ છે અને નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા જે સિધ્ધાંતો આ મુદ્દા બાબતે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે તેની અત્રે નોંધ કરવી જરુરી છે જે નીચે મુજબ વાાંચી શકાય છે.

Section 94(2) Juvenile Justice Act Description

2. In case, the reasonable committee grounds for or the doubt Board as regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the process case of may age be, shall undertake determination, by the seeking evidence by obtaining ––

(i) the date of birth certificate from the school, or the equivalent concerned available matriculation certificate examination; and in or from the Board, if the absence thereof ;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat ;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the Committee or the orders Board of the shall be completed within fifteen days from thedate of such order.

ઉપરોકત જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૯૪ ના કાનુની પ્રબંધો ધ્યાને લેતા હવે તેની સાથે પોકસો એકટની કલમ–૩૪ ના કાનુની પ્રબંધો પણ ધ્યાને લેવા જરૂરી છે જે નીચે મુજબ વાંચી શકાય છે.

**SECTION :- 34**

Procedure in case of commission of offence by child and determination of age any under by Special Court.-

(1) Where offence this Act is committed by a child, such child shall be dealt with under the provisions of the [the Juvenile Justice (Care and Protection of Children) Act, 2015 (2 of 2016)

(2) If any question arises in any proceeding before the Special Court whether a person is a child or not, such question shall be determined satisfying by the itself Special court about the age of after such person and it shall record in writing its reasons for such determination.

(3) No order made by the Special Court shall be deemed to be invalid merely by any subsequent proof that the age of a

person as determined by it under sub-section (2) was not the correct age of that person.

હવે ઉપરોકત જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ–૯૪ અને પોકસો એકટની કલમ–૩૪ ના કાનુની પ્રબંધો ધ્યાને લેતાં તેમાં અનુક્રમે જુવેનાઈલ અને વિકટીમની ઉંમર નકકી કરવા બાબતે કાનુની પ્રબંધો ઠરાવવામાં આવેલ છે. હવે આ બાબતે આ મુદ્દાસર નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે પણ અત્રે ધ્યાને લેવા જરૂરી છે. જેમાં સર્વ પ્રથમ  નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો ૨૦૧૩ (૭) એસ .સી.સી. ૨૬૩ જરનેલ સીંઘ વિરુદ ધ સ્ટેટ ઓફ હરીયાણાનો ચુકાદો ધ્યાને લેતાં તેમા નામદાર સર્વોચ્ચ અદાલતે એવુ ઠરાવેલ છે કે,

20. On the issue of determination of age of a minor, one only needs to make a reference to Rule 12 of the Juvenile Justice (Care and Protection (hereinafter Rules). been The framed Juvenile of Children) referred aforestated under Justice to as 2007 Section (Care Rules, and 2007 the 2007 Rules have 68(1) of Protection the of Children) Act, 2000. Rule 12 referred to hereinabove reads as under :

"12. Procedure to be followed in determination of Age.-

(1) a child or a In every case concerning juvenile in conflict with law, the court or the Board case age of as the may be the Committee referred to in rule 19 of these rules shall determine the such juvenile or child or a juvenile in conflict

with law within a period of thirty days from the date of making of the application for that purpose.

(2) The court or the Board or as the case máy be the Committee shall the decide the juvenility or otherwise of the juvenile or the child OI as case may be the juvenile in conflict with law, prima facie on the basis of physical appearance or documents, if available, and send him to the observation home or in jail.

(3) In every case concerning a child OI the age juvenile in conflict with law, determination inquiry shall be conducted by the court or the Board or, as the case may be, the Committee by seeking evidence by obtaining

(a) (1) the matriculation or equivalent certificates, if available; and in the absence whereof;

(ii) the date of birth certificate from the school (other than a play school) first attended; and in the absence whereof;

(iii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

the (b) and only in the absence of either (i)., (ii) or (iii) of clause (a) above, medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact [assessment of the age cannot be done, the Court or the Board or, as the case may

be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child juvenile by considering his/her age on lower side within the margin of one year. or or the and, while passing orders in such case shall, after taking into consideration such evidence as may be available, medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any of the clauses in the (a) (i), (11), (111) absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child or the juvenile in conflict with law.

on (4) If the age of a juvenile or child or the juvenile in conflict with law is found to be below 18 years on the date of offence, the basis of any of the conclusive proof specified in sub-rule (3), the court or the Board or as the case may be the Committee shall in writing pass an order stating the age and declaring the status of juvenility or otherwise, for the purpose of the Act and these rules and a copy of the order shall be given to such concerned. juvenile or the person I (5)Save and except where, further inquiry or otherwise is required, inter alia, in terms of section 7A, section 64 of the Act and these rules, no further inquiry shall be conducted by the court or the Board after

examining and obtaining the certificate or any other documentary proof referred to in sub-rule (3) of this rule.

(6)The provisions contained in this rule shall also apply to those disposed off cases, where the status of juvenility has not been determined in accordance with the provisions contained in sub-rule(3) and the Act, requiring dispensation of the sentence under the Act for passing appropriate order in the interest of the juvenile in conflict with law."

Even though Rule 12 is strictly applicable only to determine the age of a child in conflict with law, we are of the view that the aforesaid statutory provision should be the basis for determining age, even for a child who is a victim of crime. For, in our view, there is hardly any difference in so far as the issue of minority is concerned, between a child in conflict with law, and a child who is a victim of crime. Therefore, in our considered opinion, it would be just and appropriate to apply Rule 12 of the 2007 Rules, determine the age prosecutrix VW-PW6. The manner determining age conclusively, has been to expressed in extracted provision, of sub-rule (3) of Rule Under of the a the of 12 aforesaid child is above. the age ascertained, by adopting the first available basis, out of a number of options postulated in Rule 12 (3). If, in the scheme of options under Rule 12(3),

an option is expressed in a preceding clause, it has overriding effect over an option expressed in a subsequent clause. The highest rated option available, would conclusively determine the age of a minor. the Rule 12(3), matriculation (or equivalent) certificate of the concerned child, is the highest rated option. In case, the said certificate is available, no other evidence can be relied upon. Only in the absence of the said certificate, Rule In scheme of 12(3), envisages consideration of the date of birth entered, in the school first attended by the child. the date of In case such an entry of date of birth is available, birth depicted therein is liable to be treated as final and conclusive, and no other material is to be relied upon. only in the absence of such entry, Rule 12(3) postulates reliance on a birth certificate issued by a corporation or a municipal authority or a panchayat. Yet again, if such a certificate is available, then no other material whatsoever is to be taken into consideration, for determining the age of the child concerned, as the said certificate would conclusively determine the age of the child. It is only in the absence of any of the aforesaid, that Rule 12 (3) postulates the determination of age of the concerned child, on the basis of medical opinion.

ત્યારબાદ નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના તાજેતરનો ચુકાદો 2023 (0) AIDEL-SC 71210 SUPREME COURT, Criminal Appeal No1898 of 2023, P. Yuvaprakash Versus Rep. By Inspector Of Police ના ચુકાદામાં આ બાબતે જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે ધ્યાને લઈએ તો નામદાર સુપ્રિમકોર્ટે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે,

POCSO determination of age only in absence of birth certificate, age shall be determined by ossification test or any other latest medical age determination test conducted on orders of Committee or Board.

(a) Juvenile Sustice (Care and Protection S. 94 Protection of Children) Act, 2015 of Children from Sexual Offences, Act, 2012 test S. 10, 34 Indian Penal Code, 1860 S. 350, 351, 366, 506 determination of age of victim under POCSO Act ossification wherever dispute with respect to age of a person arises in context of her or him being a victim under POCSO Act, courts have to take recourse to steps indicated in S. 94 of JJ Act S. 94 (2) (iii) of JJ Act clearly indicates that date of birth certificate from school or matriculation or equivalent certificate by concerned examination board has to be firstly preferred in absence of which birth certificate issued by Corporation ΟΣ Municipal Authority or Panchayat and it is only thereafter in absence of these such documents age is to be determined through "an ossification test" or

"any other latest medical age determination test" conducted prders of concerned authority, i.e. Committee or Board or Court. (Para 13,14)

આમ કાયદાના ઉપરોકત પ્રબંધો તથા નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા ફરીયાદપક્ષે ભોગ બનનારની જન્મ તારીખ પુરવાર કરવા માટે ભોગ બનનારના પુરાવામાં ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર કે જે આંક–૧૮ તથા ૧૯ થી રજુ કરવામાં આવેલ છે તેમાં પણ ભોગ બનનારની જન્મ તારીખ ૩૦–૪–૨૦૦૯ છે. આમ ભોગ બનનારની જન્મ તારીખ ૩૦–૪–૨૦૦૯ હોવાનું પુરવાર થાય છે. સદર કેસમાં બનાવ તા. ૯–૪–૨૦૨૫ ના રોજ બનેલ હોવાનો ફરીયાદપક્ષનો કેસ છે. જેથી ફરીયાદની તારીખે સદર ભોગ બનનારની ઉંમર ૧૫ વર્ષ ૧૧ માસ અને ૧૦ દિવસની હોવાનું પુરવાર થાય છે. આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હતાં તેવી હકીકતો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ છે. **જેથી મુદા નં. ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.**

**મુદા નં. ૨ થી ૩ :**

(૧૬) આ કામમાં ફરીયાદ પક્ષના આક્ષેપિત બનાવ અંગેની સાચી અને ખરી હકીકતોનો સૌથી સારો પુરાવો ફકત ભોગ બનનાર જ આપી શકે. આ હકીકતના સંદર્ભમાં ફરીયાદ પક્ષે સાહેદ નં.૧ તરીકે આંક–૧૬ થી ભોગ બનનારને તપાસેલ છે. ભોગ બનનારનો પુરાવો વંચાણે લેતા જણાવે છે કે, '' મે ધોરણ નવ સુધી આદીત્યાણાની હાઈસ્કુલમાં અભ્યાસ કરેલ છે. મારા બાપુજી ટ્રક ડ્રાઈવીંગ કરે છે. અમારા આદીત્યાણા મેઈન બજારમા દર સોમવારે ગુજરી બજાર ભરાઈ છે. આ ગુજરી બજારમાં બનાવના ચાર પાંચ મહીના પહેલાં

હું ગયેલી. ત્યારે મને રાહુલ રાવલ ગામનો મળેલો હતો. તે જીજરકા એરીયામાં કામ કરતો હતો અને તે કોળી જ્ઞાતિનો હતો. અમારા બંનેને બોલવા ચાલવાનો વ્યવહાર થયેલો. હું તેની સાથે મોબાઈલ ફોનથી મેસેજ તેમજ આઈ–ડી મારફત તેમજ ફોન દવારા વાતચીત કરતી હતી. મારે તેની સાથે પ્રેમસંબંધ થયેલો. પછી મે તેને ભાગી જવાનું કહેલુ અને પછી તે મને અમારા ગામના ગેઈટ પાસેથી અમે હર્ષદ ગામે ગયેલા, ત્યાં દર્શન કરીને દવારકા ગયેલા પછી દવારકાથી દરીયાના કાંઠે ગયેલા અને ત્યાં બેઠેલા અને ત્યાં નાસ્તો કરેલો. રાત દવારકા રોકાયેલા અને ત્યાંથી દવારકાથી નીકળી રસ્તામાં નાસ્તો કરેલો, નાસ્તો કરીને નીકળેલા અને ત્યાં રસ્તામા વાછરાડાડાના મંદિરે ગયેલા પછી કટાંરીયા ગયેલ અને કટાંરીયા હોટલમાં ખાધેલ અને પછી ત્યાં એક ખેતર આવેલ હતુ અને ત્યાં રાહુલ મજુરી કરતો ત્યાં ગયેલા અને ત્યાં રાત પડી ગયેલ. ત્યાં મે રાહુલ સાથે શરીર સંબંધ બાંધેલો. એકવાર મારી સાથે શરીર સં બંધ બાંધેલો. આ વાડી રાહુલે જોઈ હતી અને રાહુલ ત્યાં અગાઉ કામ કરતો હતો. ત્યાં બાજુમા ખેતર આવેલ હતા. ત્યાં રાણાવાવ પોલીસ સ્ટેશને આવેલા. ત્યાં પોલીસે અમીર પુછપરછ કરી મારો જવાબ લીધેલો. ત્યાં પોલીસ પાસે બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરેલા. કોર્ટમાં પણ હું આવેલી અને મે આ બનાવ બાબતે જજ સાહેબ પાસે પણ જવાબ લખાવેલ તેમ જણાવી આંક–૧૭ થી બી. એન.એસ.એસ. કલમ–૧૮૩ અન્વયેનું નિવેદન રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસ દરમિયાન જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, બનાવ અગાઉ ચાર પાંચ મહીના પહેલા હું રાહુલને

મળેલ હોય તેવું મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, બનાવની હકિકત હું પોલીસને જણાવતી હોય અને પોલીસ લખતી હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે, મારૂ નિવેદન મે વાંચેલ નથી, ભોગબનનાર જણાવે છે કે, થોડુ વાંચેલ. એ વાત ખરી છે કે, રાહુલ મને જોર જબરજસ્તીથી લઈ ગયેલ નથી. એ વાત ખરી છે કે, રાહુલએ મારી સાથે જોર જબરજસ્તીથી શરીર સંબંધ બાંધેલ હોય તેવું બનેલ નથી. હાલ મને યાદ નથી કે, ડોકટરે મારા કયાં કયાં નમુના લીધેલ. એ વાત ખરી નથી કે, ખરેખર કોઈ નમુના ડોકટરશ્રીએ`લીધેલ નથી તેથી મને યાદ નથી. એ વાત ખરી નથી કે, રાહુલે મારી સાથે શરીર સંબંધ બાધેલ જ નથી, સાહેદ જણાવે છે કે, કપડા ઉતારીને શરીર સંબંધ બાધેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે, બીએનએસએસની કલમ–૧૮૩ મુજબનું નિવેદન મે નામદાર કોર્ટમાં આપેલ તે મને શીખવાડવામાં આવેલ હતુ. ડોકટર શ્રી પાસે એક કે બે મીનીટ સુધી રોકાયેલ હતા. એ વાત ખરી છે કે, ડોકટર સમક્ષ મારા શરીરની તપાસણી કરેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે, હું રાહુલ સાથે ગયેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે, મારા પોલીસ રૂબરૂના નિવેદનના સમર્થનમાં તેમજ બીએનએસએસની કલમ–૧૮૩ મુજબના નિવેદનના સમર્થનમાં સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૧૭) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ નં. ૨ તરીકે ફરીયાદી પાંચાભાઈ પોલાભાઈ મકવાણાને આંક–૧૪ થી તપાસવામાં આવેલ છે. સદર ફરીયાદી તેમના પુરાવામાં જણાવે છે કે, મારી ભોગબનનાર દિકરો

બનાવ સને ૨૦૨૫ ના ચોથા મહીનામાં બનેલો હતો. તે દિવસે હું ટ્રક લઈને ડ્રાઈવીગના કામે ગયેલો હતો. બનાવના દિવસે મારી ભોગબનનાર દિકરી પેટમાં દુ:ખાવાનું બાનુ કરી ઘરે રોકાઈ ગયેલી હતી અને મારી પત્ની તથા મારી બીજી દિકરી ખેતી કામે કરવા મુલે ગયેલ હતા. બનાવના દિવસે સાંજે છ વાગ્યે મારા પત્નીએ ઘરે આવેલ ત્યારે મે મારી ભોગબનનાર દિકરી વિશે પુછતા મારા બાપુજી પોલાભાઈએ કહેલ કે, લુગડા સંધાવવાનુ કહી જતી રહેલ છે અને આજુબાજુમા તપાસ કરતા તે મળી આવેલ નહી તેવું મને મારા ઘરનાએ ફોન પર જાણ કરેલી. પછી હું મોડે મોડે ઘરે આવેલ પછી મે તપાસ કરેલી પણ મને પણ મળેલી નહી. પછી મારા ભાઈઓએ કહેલ કે, બેસો હવે આપણે તપાસ કરશુ મળી જશે પરંતુ મારી દિકરી ભોગબનનાર મળી ન આવતાં સાંજે પાંચ વાગ્યે રાણાવાવ પો.સ્ટે.હું ફરીયાદ લખાવવા ગયેલો. અમે મોબાઈલ ઘરે રાખતા હતા અને તે કોઈની સાથે વાત કરતી હોય તો તેની મને ખબર નથી. મે રાહુલ લાખાભાઈ જાદવ સામે ફરીયાદ આપેલી. મને મારી ભોગબનનાર દિકરી રાહુલ લાખા જાદવ ભગાડી લઈ ગયેલ છે તેવી શંકા હોવાના કારણે મે તેનું નામ લખાવેલ. ફરીયાદ લખાવ્યા બાદ બીજા દિવસ ે રાણાવાવ પોલીસ સ્ટેશનથી મારા પર ફોન આવેલ જેથી હું અને મારી પત્ની પોલીસ સ્ટેશને ગયેલ ત્યારે મારી દિકરી અને છોકરો રાહુલ હાજર હતા.ત્યાં મારી ભોગબનનાર દિકરીએ મારી પત્નીને વાત કરેલ કે, રાહુલ આદીત્યાણા બાયપાસ રોડ પર દુકાને આવેલ અને ત્યાંથી મો.સા.લઈને હર્ષદ દવારકા બાજુ લઈ ગયેલ. રાવલ કંટારીયા ગામે ખેતરમાં રાત રહેલા અને મારી ભોગબનનાર દિકરી સાથે શરીર સંબંધ રાહુલે બાંધેલ તેવી વાત કરેલી મારી ભોગબનનાર

દિકરીની મેડીકલ તપાસણી કરાવેલી.તેમ જણાવી આંક–૧૫ થી ફરીયાદ રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, હું ભણેલો નથી. એ વાત ખરી નથી કે, પોલીસને મે બનાવ વિશે જણાવેલ હોય અને પોલીસ લખતી હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, હું સવારે ત્રણ વાગ્યે કામ પર જવા નીકળતો તેવું લખાવેલ છે. એ વાત ખરી છે કે, મે પોલીસને એવું લખાવેલ નથી કે, ''મારા ભાઈઓએ એવું કહેલ કે આપણે તપાસ કરશુ અને તે મળી જશે''. અમારા ચારેય સંતાનમા એક થી દોઢ વર્ષ જન્મનું અંતર છે. એ વાત ખરી છે કે, મારી ભોગબનનાર દિકરી ઘરેથી કપડા લઈને નીકળી ગયેલ હોય તે મે જોયેલ નથી. એ વાત ખરી છે કે, હું ડ્રાઈવીગનો ધંધો કરતો હોય મારે સતત બહાર રહેવાનું થતુ હોય છે. એ વાત ખરી છે કે, કહેવાતો બનાવ મને વાતો વાતથી જાણવા મળેલો. એ વાત ખરી છે કે, શું બનાવ બનેલ, કેવી રીતે બનેલ તે વાત મારી દિકરીએ મને કહેલ નથી. એ વાત ખરી નથી કે, મારી ભોગબનનાર દિકરીને મેડીકલ તપાસણી માટે લઈ ગયેલ ત્યારે હું સાથે ન હતો. એ વાત ખરી નથી કે, મારી ભોગબનનાર દિકરી સાથે કહેવાતા આરોપીએ શરીર સંબંધ બાધેલાની હકિકત હું ખોટી જણાવુ છુ, સાહેદ જણાવે છે કે આ હકિકત મને અમારી દિકરીએ જણાવેલ. એ વાત ખરી નથી કે, પાંચ વાગ્યે પોલીસ સ્ટેશને જઈ ફરીયાદ આપેલની હકિકત ખોટી જણાવુ છુ. એ વાત ખરી છે કે, પાંચ વાગ્યા પહેલા હું પોલીસ સ્ટેશને ન હતો. એ વાત ખરી નથી કે આજે મારે શું જવાબ દેવાનો છે તે હકિકત હું શીખીને આવેલ છુ. એ વાત ખરી નથી કે મારી

ફરીયાદના સમર્થનમા ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે, આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતા હું ખોટી જુબાની આપુ છુ.

(૧૮) આ કામમા ફરિયાદ પક્ષના સાહેદ નં. ૩ મેડિકલ ઓફિસર ડો. નિલેષભાસ સામતભાઈ મકવાણાને આંક–૨૦ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદે તેમના પુરાવામા જણાવેલ છે કે, ગઈ તા.૧ ૨/૦૪/૨૦૨૫ ના રોજ હું મેડીકલ ઓફીસર તરીકે મારી ફરજ પર હતો ત્યારે રાણાવાવ સર્કલ પી.આઈ.શ્રી એન.એન.તળાવીયાની સહીવાળી યાદી સાથે ભોગબનનારને મારી પાસે સ્ત્રી રોગ નિષ્ણાતના અભિપ્રાય માટે ડબલ્યુ એલ આર, ગીતાબેન વાઢેર,બ કલ નં.૪૩૬ વાળા લઈ આવેલ હતા. આ સાથે રાણાવાવ સામુહિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર ની રીફર નોટ પણ સાથે લઈ આવેલ હતા. ભોગબનનારના ઓળખ નિશાન તરીકે તેના ડાબા હાથે અંગ્રેજીમાં તેના નામનુ ટેટુ હતુ. ભોગબનનારનો પ્રથમ ઓપીડી કેસ કાઢવામાં આવેલ. ભોગબનનાર સંપુર્ણ ભાનમાં હતા. ભોગબનનારની હિસ્ટ્રી તથા સેમ્પલો રાણાવાવ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લેવામાં આવેલ હતા. ભોગબનનારની પ્રાથમિક તપાસ કર્યા બાદ સ્ત્રી રોગ નિષ્ણાંત ડો.શીવનથીનીના અભિપ્રાય માટે મોકલાવવામાં આવેલ હતા. આ સ્ત્રી રોગ નિષ્ણાંતે ભોગબનનારને તપાસી અભિપ્રાય આપેલ કે ,ભોગબનનારનું યોનીપટલ છ વાગ્યા અને ત્રણ વાગ્યાની સ્થિતિએ તુટેલ હતુ. ભોગબનનાર સાથે શારીરિક સંભોગ થયાની શકયતા નકારી શકાતી નથી. ભોગબનનારની ચાલ સ્થિર હતી અન ેકોઈ ઈજાના નિશાન ન હતા તેમજ બાહય શારીરિક અંગો ઉમર પ્રમાણે વિકસીત હતા. ભોગબનનારનો

યુપીટી નેગેટીવ હતો. સદર સાહેદે પોતે કરેલ મેડીકલ તપાસણી અંગેના દસ્તાવેજી પુરાવા આંક–૨૧ થી ૨૩ સુધીના રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, મે ભોગબનનારની કોઈ પ્રાથમિક તપાસણી કરેલ નથી. એ વાત ખરી છે કે, યોનીપટલ તુટવાના શારીરિક સંભોગ સિવાય ઘણા કારણો હોઈ શકે. એ વાત ખરી છે કે, આંક–૨૩ ના રીપોર્ટ મુજબ શારીરિક સંભોગ ન થયા હોવાની હકિકત પણ નકારી શકાય નહી.

(૧૯) આ કામમા ફરિયાદ પક્ષના સાહેદ નં.૪ ડો. નયનભાઈ રાજેશભાઈ કરમટાને આંક–૨૪ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદે તેમના પુરાવામા જણાવેલ છે કે, ગઈ તા.૧૧/૦૪/૨૦૨૫ ના રોજ હું મેડીકલ ઓફીસર તરીકે મારી ફરજ પર સામુહિક આરોગ્ય કેન્દ્ર, રાણાવાવ ખાતે હતો ત્યારે રાણાવાવ પી.આઈ.શ્રી એન.એન.તળાવીયાની સહીવાળી યાદી સાથે ભોગબનનારને મારી પાસે યાદી મુજબ મેડીકલ તપાસણી તથા નમુના લેવા માટે ડબલ્યુ એલ આર, એસ કે પરમાર, બકલ નં.૪૭૧ વાળા લઈ આવેલ હતા. ભોગબનનારનો પ્રથમ ઓપીડી કેસ પેપર કાઢવામાં આવેલ. ભોગબનનારની ઉ.વ.૧૫,૧૧ માસ અને ૧૦ દિવસની હતી, રહે. આદીત્યાણા હતા. પ્રથમ ભોગબનનારે મારા રૂબરૂ એવી હિસ્ટ્રી આપેલ હતી કે '' આજથી આશરે ત્રણ દિવસ પહેલાં ભોગબનનારને રાહુલ લાખા જાદવ નામનો વ્યકિત પોતાની મો.સા. પર બેસાડીને આદીત્યાણા ગામેથી લઈ ગયેલ. તેઓ પહેલાં હર્ષદ ગામે લઈ ગયેલ અને ત્યાંથી દવારકા લઈ ગયેલ, ત્યાંથી બીજા દિવસે સવારના સાત વાગ્યે આસપાસ તેઓ મઢી નામની

જગ્યાએ વાછરાડાડાના મંદિરે ગયેલ, ત્યાંથી ટંકારીયા ગામે ગયેલ, ત્યાં તેઓ કોઈ વાડીએ રોકાયેલ હતા, ત્યાં તેઓએ એકવાર શરીર સંબંધ ભોગબનનારની મરજીથી બાંધેલો. તેઓને ગર્ભ નિરોધક પદાર્થ ઉપયોગ કરેલ ન હતો. પછી બીજા દિવસે તેઓ રાવલ ગયેલ અને ત્યાંથી બસમાં બેસીને પોરબંદર આવેલા અને પોરબંદરથી રાણાવાવ ખાતે આવેલા.'' ભોગબનનારના પોલીસ યાદી મુજબના નીચે નમુનાઓ લીધેલા. (૧) બ્લડ સેમ્પલનો નમુનો (૨) લાળનો નમુનો (૩) ગુપ્ત ભાગના વાળનો નમુનો (૪) બગલના વાળનો નમુનો (૫) વજાઈનલ સ્વેબનો નમુનો (૬) નખનો નમુનો ઉપરોકત તમામ નમુનાઓ એક ફોર્મ ૨–બી ફીલઅપ કરી સીલના નમુના કરી સહી લઈને પોલીસને આપેલ. ભોગબનનાર સ્થળ સ્થિતિથી સભાન હતા તેમજ તેની જનરલ અવસ્થા સામાન્ય હતી. તેમનું હાઈમેન તુટેલ હતુ. તેમના પ્રાઈવેટ પાર્ટમા બ્લીડીંગ પ્રેઝેન્ટ ન હતુ તેના આં તરીક કે બાહય અવયવો ઉપર કોઈ ઈજાના નિશાનો ન હતા તેમજ તેના અંડર ગાર્મેન્ટ પર પણ કોઈ નિશાન ન હતા. બાદ તે જ દિવસે આ કામના આરોપીની મેડીકલ તપાસણી તથા સેમ્પલો માટે એન એન તળાવીયા પી.આઈ. રાણાવાવની યાદી સાથે પોલીસ કોન્સ.શ્રી સંજયકુમાર ડી ગોહીલ, બકલ નં.૯૦ લાવેલા. આરોપીનો પ્રથમ ઓપીડી કેસ પેપર કાઢવામાં આવેલ અને આરોપીએ મેડીકલ તપાસણી તથા સેમ્પલો માટે સંમતિ બદલ ઓપીડી કેસ પેપરમા મારા રૂબરૂ સહી કરી આપેલ. આરોપીએ હિસ્ટ્રીમા મારા સમક્ષ એવી હકિકત લખાવેલ કે, ''ગઈ તા.૯/૪/૨૫ ના બપોરના આશરે ૩.૩૦ વાગ્યાની આસપાસ તેઓએ ભોગબનનારને આદીત્યાણા ગામેથી તેમના

મો.સા.માં બેસાડીને હર્ષદ ગામે લઈ ગયેલ, ત્યાંથી સાંજે છ વાગ્યાની આસપાસ દવારકા ખાતે ગયેલ, તેઓ દવારકામા આખી રાત કોઈ પાર્કીંગમાં બેઠા. બીજા દિવસે સવારે તેઓ મઢી ગામે ગયેલ અને ત્યાંથી તેઓ ટંકારીયા ગામે ગયેલ અને તેઓ ત્યાં કોઈ વાડીએ રોકાયેલ હતા. વાડીએ તેઓએ ભોગબનનારની મરજીથી એકવાર શરીર સંબંધ બાંધેલ હતો. તેઓએ ગર્ભ નિરોધક પદાર્થનો ઉપયોગ કરેલ  ન હતો. બીજા દિવસે તેઓ રાવલ ગામેથી બસમાં બેસીને પોરબંદર આવેલા અને ત્યાંથી રીક્ષામાં બેસીને રાણવાવ આવેલ હતા.'' મે રાહુલ લાખાભાઈ જાદવના નીચે મુજબના સેમ્પલો નિયમ મુજબ લીધેલા. (૧) બ્લડનો નમુનો  (૨) વીર્યનો નમુનો  (૩) લાળનો નમુનો  (૪) ગુપ્ત ભાગના વાળનો નમુનો (૫) પીનાઈલ વોશનો નમુનો (૬) નખનો નમુનો જે નમુના અંગેનું ફોર્મ નં.૨–બી ફીલઅપ કરી પો.કોન્સ.શ્રી રણજીતભાઈ ભુરાભાઈ ડાંગર, બલક નં.૪૩૫ ને સહી લઈ સોંપી આપેલા. આરોપીને તપાસતા સ્થળ સ્થિતીથી સભાન હતા તેમજ જનરલ કંડીશન સામાન્ય હતી.તેના શરીર પર કોઈ ઈજાના નિશાન ન હતા. તેને લાલ કલરનો શર્ટ અને બ્લેક કલરનું પેન્ટ પહેરેલ હતુ. તેના સ ેકન્ડરી સેકસ્યુલ કેરેકટર વેલ ડેવલોપ હતા અને તે શારીરિક સંબંધ બાંધવા માટે સક્ષમ હતા. સદર સાહેદે પોતે કરેલ મેડીકલ તપાસણી અન્વયેના દસ્તાવેજી પુરાવાઓ આંક–૨૫ થી ૩૫ સુધીના રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, ભોગબનનાર તથા આરોપીએ મારી સમક્ષ કોઈ હિસ્ટ્રી લખાવેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે, ભોગબનનાર તથા આરોપીની

હિસ્ટ્રી મે પોલીસ યાદી મુજબ લખેલી છે. અ`વાત ખરી છે કે, યોનીપટલ તુટવાના શારીરિક સંભોગ સિવાય ઘણા કારણો હોય શકે. એ વાત ખરી છે કે, ભોગબનનાર તથા આરોપીના સેમ્પલો લીધેલ તે સાધનોનો અમો બીજી વખત ઉપયોગ કરી ન શકીએ. અ`વાત ખરી છે કે, એ સાધનો પોલીસ પાસ `જમા કરાવેલ નથી. અ`વાત ખરી નથી કે, સોગદ પર ખોટી જુબાની આપુ છુ.

(૨૦) આ કામમા ફરિયાદપક્ષના સાહેદ નં. ૭ કરશનભાઈ વીસાભાઈ ઓડેદરાને આંક–૩૯ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદે તેમના પુરાવામા જણાવેલ છે કે, પંચ નં.૨ અનીલ લખમણભાઈ ડાકી મારી સાથે ફરજ બજાવતા હોય તેમની સહીથી હું વાકેફ છુ. તા.૧૧ /૪/૨૫ ના રોજ ૭/૦૦ વાગ્યાની આસપાસ એન એન તળાવીયા, પી.આઈ.શ્રી બોલાવવાથી અમો બંને રાણાવાવ પોલીસ સ્ટેશને હાજર થયેલ ત્યા. રાણાવાવ પો.સ્ટે. પાર્ટ એ ––...૨૨૧/૨૫ ના કામે આરોપીને અટક કરવાના તેમજ તેને બનાવ વખતે પહેરેલ કપડા કબ્જે લેવાના પંચનામા પંચ તરીકે રહેવાની સમજ કરતા અમો બંનેએ સંમતિ આપેલ. અમારી હાજરીમાં પોલીસ પાસે હાજર ઈસમનું નામ ઠામ પુછતા તેણે પોતાનું નામ રાહુલ લાખાભાઈ જાદવ, કોળી રહે. જામરાવલ હોવાનું જણાવેલ અને તેણે બનાવ વખતે પહેરેલ કપડાઓ રજુ કરતા જે જોતાં (૧) લાલ કલરની ટપકી ડિઝાઈનવાળો શર્ટ (૨) કાળા કલરનું પેન્ટ (૩) કાળા કલરની ચડી જે ત્રણેય કપડાઓને અલગ અલગ કપડાની બેગીમા રાખી બેગી સીવી લઈ અંદર બહાર અમો પંચની તથા પી.આઈ શ્રી તળાવીયા સાહેબની સહીઓ વાળી કાપલીઓ રાખી બેગીઓ ઉપર

પો.ઈન્સ.રાણાવાવના માર્કાનું લાખથી શીલ કરી પોલીસે તપાસ અર્થે કબ્જે લીધેલ તેમજ આરોપીને આ ગુન્હાના કામે ધોરણસર અટક કરેલ અને તે અંગેનું વિગતવારનું પંચનામુ કરેલ તેમ જણાવે છે અને આંક–૪૦ થી પંચનામુ અને આંક–૪૧ થી ૪૩ સુધીની મુદ્દામાલ બેગીની કાપલીઓ રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, બાદ ફરીથી રાત્રે નવ વા ગ્યાની આસપાસ એન એન તળાવીયાના બોલાવવાથી અમો બંને પોલીસ સ્ટેશને હાજર થયેલ ત્યાં આજ ગુન્હાના કામે ભોગબનનારના બનાવ વખતે પહેરેલ કપડાઓ કબ્જે લ ેવાના પંચનામામાં રહેવાની અમો બંનેને સમજ કરતા અમો બંનેએ સંમતિ આપેલી. ત્યાં પોલીસ પાસે ભોગબનનાર હાજર હોય તેનું અમારી હાજરીમાં નામઠામ પુછતા તેને પોતાનુ નામઠામ જણાવેલ અને તેણે બનાવ વખતે પહેરેલ કપડાઓ રજુ કરતા જે જોતાં (૧) આછા ગુલાબી કલરનો સફેદ તથા કોફી કલરની ફુલડા ડિઝાઈનવાળો ઝબ્બો (૨) કોફી કલરની ચોરણી (૩) ગુલાબી કલરની ચુંદળી (૪) દુધીયા કલરનો કાળી ટીપકીવાળો નિકર હતા જે તમામ કપડાઓ અલગ અલગ કપડાની બેગીઓમાં રાખી અંદર બહાર અમો પંચો તથા એન એન તળાવીયા સાહેબની સહીઓ વાળી કાપલીઓ રાખી બેગી સીવી લઈ બેગી પર લાખ થી પીઆઈ રાણાવાવના માર્કાનું સીલ કરી પોલીસે તપાસ અર્થે કબજે લીધેલ તેમજ તે અંગેનું વિગતવારનું પંચનામુ કરેલ તેમ જણાવે છે અને આંક–૪૪ થી પંચનામુ તથા આંક–૪૫ થી ૪૮ સુધીની મુદ્દામાલ બેગીની કાપલીઓ રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, હું મદદનિશ તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત

રાણાવાવનું આઈ કાર્ડ ધરાવુ છુ. એ વાત ખરી છે કે, હાલના કિસ્સા અગાઉ કોઈ ગુન્હાના પંચનામામાં પંચ તરીકે જવાનું થયેલ હોય તેવું બનેલ નથી. હાલના ગુન્હામા પંચ તરીકે જવાની જાણ અમોને અમારા ઉપરી અધિકારીશ્રીએ કરેલી. એ વાત ખરી છે કે, અમારા ઉપરી અધિકારીના આદેશનું પાલન અમો ન કરીએ તો અમારા પર ખાતાકીય કાર્યવાહી થાય. અનીલભાઈ લખમણભાઈ ડાકી અમારા સાથી કર્મચારી છે તેથી હું તેની સહીથી પરીચિત છુ. અમો આ પંચનામુ કરવા રાણાવાવ પોલીસ સ્ટેશને સાત સવા સાતની વચ્ચે પહોંચેલા. અમો પહોંચેલ બાદ સાડા સાતની આસપાસ પંચનામાની કાર્યવાહી શરૂ થયેલ. એ વાત ખરી છે કે, અમોએ પોલીસ સ્ટેશનના અધિકારીશ્રીને અમારૂ આઈ કાર્ડ બતાવેલ નથી. પ્રથમ પંચનામાની કાર્યવાહીમાં આશરે કલાક જેવો સમય લાગેલો. એ વાત ખરી નથી કે, હાજર આરોપીએ અમારી હાજરીમાં કપડા બદલાવીને પોલીસને રજુ કરેલા હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે આ આખી કાર્યવાહીમાં પોલીસ અમોને સમજ કરતી હોય અને લખતી જતી હોય તેવું બનેલ નથી. એ્વાત ખરી નથી કે, અમો ત્યાં ગયેલ ત્યારે પંચનામુ તૈયાર હતુ અને કહેલ કે સહી કરી દો જેથી અમોએ સહી કરી દીધી. એ વાત ખરી છે કે, ભોગબનનારના કપડા કબ્જે કર્યાનું પંચનામુ કરેલ ત્યારે અમો પોલીસ સ્ટેશને હાજર હતા. એ વાત ખરી છે કે, ભોગબનનારે અંડરવેયરના કયા પહેરેલ તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે, ભોગબનનારના કપડા મે હાથમાં લઈને જોયેલ નહી. એ વાત ખરી નથી કે, અમારા રૂબરૂ આ કપડાઓ બેગીમાં નાખી સીલ કરેલ હોય તેવું બનેલ નથી. એ્વાત ખરી નથી

કે, અમો ત્યાં ગયેલ ત્યારે પંચનામુ તૈયાર હતુ અને કહેલ કે સહી કરી દો જેથી અમોએ સહી કરી દીધી. એ વાત ખરી નથી કે, અમારા ઉપર ખાતાકીય કાર્યવાહી ન થાય તે માટે અમારા ઉપરી અધિકારીના આદેશનું પાલન કરવા સોગદ પર ખોટી જુબાની આપુ છુ.

(૨૧) આ કામમા ફરિયાદપક્ષના સાહેદ નં. ૮ કમલેશગીરી દોલતગીરી અપારનાથીને આંક–૪૯ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદે જણાવેલ છે કે, પંચ નં.ર મહેન્દ્ર વિરજીભાઈ મારી સાથે ફરજ બજાવતા હોય તેમની સહીથી હું વાકેફ છુ. તા.૧૨/૪/૨૫ ના રોજ ૯/૦૦ વાગ્યાની આસપાસ એન એન તળાવીયા, પી.આઈ.શ્રી બોલાવવાથી અમો બં ને રાણાવાવ પોલીસ સ્ટેશને હાજર થયેલ ત્યા. રાણાવાવ પો.સ્ટે. પાર્ટ એ –...૨૨૧/૨૫ ના કામે ડિસ્કવરી પંચનામામાં પંચ પંચનામા પંચ તરીકે રહેવાની સમજ કરતા અમો બંનેએ સંમતિ આપેલ. અમારી હાજરીમાં પોલીસ પાસે હાજર ઈસમનું નામ ઠામ પુછતા તેણે પોતાનું નામ રાહુલ લાખાભાઈ જાદવ, કોળી, ઉવ.૨૩ રહે. જામરાવલ હોવાનું જણાવેલ અને તે બનાવ સંબંધે કઈ કહેવા તથા બતાવવા માગતો હોય જેથી અમો બં ને પંચો તથા પોલીસ તથા પોલીસ વાહનની ઝડતી તપાસ કરતા કઈ મળી આવેલ નહી અને તે અંગેનું પ્રાથમિક ભાગનું પંચનામુ કરેલુ. ત્યારબાદ પોલીસ વાહનમાં અમો પંચો તથા આરોપી બેસેલા અને આરોપીના કહયા મુજબ પોલીસ વાહન ચલાવેલ અને રાવલ ગામથી આગળ ટંકારીયા ગામ થઈ કાચા રસ્તે નાગેશ્વર મહાદેવના મંદિર પાસે સીમ વિસ્તારમાં આવેલ વોકળા પાસે આરોપીએ વાહન ઉભુ રખાવેલ અને ત્યાં ગાડીમાંથી બધા નીચે ઉતરેલ

અને આરોપીએ આગળ ચાલી એક ખેતરમાં લઈ ગયેલ જે ખેતરમાં બનાવવાળી જગ્યા તેને બતાવેલ અને તેનું અમોએ નિરીક્ષણ કરેલ અને તે જગ્યાએથી તેણે એક સફેદ કલરનો પ્લાસ્ટીક રજુ કરેલ જે એક કપડાની બેગીમા રાખી અંદર બહાર અમો પંચોની સહીવાળી કાપલીમાં રાખી પો.ઈન્સ.રાણાવાવના માર્કાનું સીલ કરી પોલીસે તપાસ અર્થે કબ્જે લીધેલ અને તે અગેનું વિગતવારનું પંચનામુ કરેલ તેમ જણાવી આંક-૫૦ થી પં ચનામુ રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, ત્યારબાદ ફરીથી તેજ દિવસ ે બે વાગ્યાની આસપાસ ફરીથી પી આઈ શ્રી એન એન તળાવીયાના બોલાવવાથી અમો બંને રાણાવાવ પોલીસ સ્ટેશને હાજર થયેલ ત્યાં આજ ગુન્હાના કામના ઉપયોગમાં લેવાયેલ મો.સા. કબ્જે લેવાના પંચનામામાં અમોને સમજ કરતા અમો બંનેએ સંમતિ આપેલ અને ત્યાં પોલીસ પાસ ે હાજર ઈસમનું અમારા રૂબરૂ નામઠામ પુછતા વિરમ લાખા જાદવ હોવાનું જણાવેલ અને તેણે બનાવમાં ઉપયોગ લીધેલ એક મો.સા. રજુ કરેલ જે પોલીસે વિગતવારનું પંચનામુ કરી તપાસ અર્થે કબ્જે લીધેલ. તેમ જણાવે છે અને આંક-૫૧ થી પંચનામુ તથા આંક-૫ર થી મુદ્દામાલ બેગીની કાપલીઓ રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, મહેન્દ્રભાઈ ડોડીયા અમારા સાથે કર્મચારી છે તેથી તેની સહી તથા અક્ષરોથી હું પરીચિત છુ. એ વાત ખરી નથી કે હાલના કેસ સિવાય અગાઉ હું પં ચનામામાં ગયેલો નથી. પંચનામુ કરવા જવા માટે અમારા ઉપરી અધિકારીએ અમોને લેખિત સુચના કરેલ. એ વાત ખરી છે કે, અમારા ઉપરી

અધિકારીના આદેશનું પાલન ન કરીએ તો અમારા પર ખાતાકીય પગલા લ ેવાઈ. એ વાત ખરી છે કે, આ ખાતાકીય કાર્યવાહી ન થાય તે માટ ેપંચનામુ કાર્યવાહીમાં ગયેલા. એ વાત ખરી છે કે, મારી પાસે પીજીવીસીએલના કર્મચારી તરીકેનું ઓળખકાર્ડ છે. એ વાત ખરી છે કે, મે મારૂ ઓળખકાર્ડ પોલીસ સમક્ષ રજુ કરેલ નથી, સાહેદ જણાવે છે કે તેઓ મને અગાઉથી ઓળખે છે. એ વાત ખરી નથી કે, અમારા ઉપરી અધિકારીએ અમોને એવી સુચના કરેલ હતી કે, પોલીસે જે કાગળ પર સહી કરવાનું કહે તેના પર સહી કરી દેજો. પંચનામાની કાર્યવાહી કરવામાં આશરે ત્રણ સાડા ત્રણ કલાક ચાલેલ. અમો સરકારી વાહનમાં ગયેલ તે વાહનના નંબર હાલ હું કહી શકુ નહી પરંતુ ટાટા સુમો હતો તેની મને ખબર છે. એ વાત ખરી નથી કે, હું પંચનામામાં સરકારી વાહનમાં ગયેલ ન હોય તેથી મને નંબર યાદ નથી. પોલીસે સ્ટેશનથી નીકળયા બાદ પહેલા ં ખાખરીચા બાપાનું મંદિર આવેલ હતુ. પંચનામાવાળી જગ્યાએ આરોપી જે પોલીસ સાથે ચાલતો હતો તેને બનાવવાળી જગ્યા બતાવેલી જ્યાં પ્લાસ્ટીકનું સફેદ કલરનું પ્લાસ્ટીક પાથરેલ હતુ જેની નીચે ઘઉનું ઘાસ હતુ. એ વાત ખરી નથી કે, આવુ કોઈ પંચનામુ અમારી રૂબરૂ કરવામાં આવેલ નથી એ વાત ખરી નથી કે, ફકત પોલીસે અમોને સહી કરવાનું કહેતા અમોએ સહી કરી દીધેલ. એ વાત ખરી છે કે, પંચનામુ અમો લખાવતા હોય અને પોલીસ લખતી હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે, અમારા રૂબરૂ જે કબજે કરવામાં આવેલ મો.સા. બતાવવામાં આવે તો હું ઓળખી ન શકુ. એ વાત ખરી છે કે, મો.સા. નં. જી જે ૧૧ હતો પણ પાછળનો નંબર મને યાદ નથી. એ વાત ખરી નથી કે, ખોટી જુબાની આપુ છુ.

(૨૨) આ કામમા ફરિયાદ પક્ષના સાહેદ નં. ૯ જીતેન્દ્રભાઈ પ્ર ેમજીભાઈ મકવાણાને આંક–પ૩ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદે તેમના પુરાવામા જણાવેલ છે કે, પંચ નં.૨ હાર્દિકભાઈ નિમાવત મારી સાથે ફરજ બજાવતા હોય તેમની સહીથી હું વાકેફ છુ. તા.૧૫/૪/૨૫ ના રોજ દોઢ વાગ્યાની આસપાસ એન એન તળાવીયા, પી.આઈ.શ્રી બોલાવવાથી અમો બંને રાણાવાવ પોલીસ સ્ટેશને હાજર થયેલ ત્યા. રાણાવાવ પો.સ્ટે. પાર્ટ એ –...૨૨૧/૨૫ ના કામે ભોગબનનાર તથા આરોપીના ડોકટરશ્રી એ લીધેલ સેમ્પલ કબ્જે કરવાના પંચનામામાં પંચ પં ચનામા પંચ તરીકે રહેવાની સમજ કરતા અમો બંનેએ સંમતિ આપેલ. ત્યાં આ ગુન્હાના કામે પોલીસ હેડ કોન્સ. રણજીત ભુરાભાઈ ડાંગરે રાણાવાવ સી એચ સી ખાતેથી સફેદ કલરના બે પુઠાના બોક્ષ લાવી મારી સમક્ષ રજુ કરતા જે પૈકી એક બોક્ષ ઉપર ભોગબનનારનું નામ ઠામ તથા વિગત લખેલ હતી જેમાં જુદા જુદા છ સેમ્પલો તથા નમુનાઓ હતા. તેમજ બીજુ બોક્ષ જોતાં તેમાં બોક્ષ ઉપર રાહુલ લાખાભાઈ જાદવ તથા બીજી વિગતો લખેલ હતી તેમાં પણ છ સેમ્પલ હતા જે ભોગબનનાર તથા આરોપી ના સેમ્પલોનું પોલીસે વિગતવારનું પં ચનામુ કરેલ અને તપાસ અર્થે કબજે લીધેલ તેમ જણાવે છે અને આંક–પ૪ થી પંચનામુ રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, હાર્દીકભાઈ નિમાવત અમારા સાથે કર્મચારી છે તેથી તેની સહી તથા અક્ષરોથી હું પરીચિત છુ. એ વાત ખરી નથી કે હાલના કેસ સિવાય અગાઉ હું પંચનામામાં ગયેલો નથી. પંચનામુ કરવા જવા માટે અમારા ઉપરી

અધિકારીએ અમોને લેખિત સુચના કરેલ. એ વાત ખરી છે કે, અમારા ઉપરી અધિકારીના આદેશનું પાલન ન કરીએ તો અમારા પર ખાતાકીય પગલા લેવાઈ. એ વાત ખરી છે કે, આ ખાતાકીય કાર્યવાહી ન થાય તે માટે પંચનામુ કાર્યવાહીમાં ગયેલા. એ વાત ખરી નથી કે, અમારા ઉપરી અધિકારીએ અમોને એવી સુચના કરેલ હતી કે, પોલીસે જે કાગળ પર સહી કરવાનું કહે તેના પર સહી કરી દેજો. પોલીસ સ્ટેશને આ પંચનામાની કાર્યવાહીમાં આશરે અડધો કલાક જેવો સમય લાગેલો. એ વાત ખરી છે કે, પોલીસ સ્ટેશને ગયેલ ત્યારે આરોપી અને ભોગબનનારના સેમ્પલો ટેબલ પર તૈયાર રાખેલ હતા. એ વાત ખરી નથી કે, પોલીસ અમોને પુછતી જતી હોય અને લખતી જતી હોય એવું બનેલ નથી. એ વાત ખરી નથી કે, અમોએ તૈયાર પંચનામામાં સહી કરેલ હોય. આ સેમ્પલોમાં અલગ અલગ પ્રકારના છ સેમ્પલો જેવા કે નખ,વાળ એક કુલ છ સેમ્પલો હતા. આ નખ,વાળ, ગુપ્તભાગના વાળ, અને આરોપીના વીર્યના નમુનાઓ હતા. એ વાત ખરી નથી કે, મારી રૂબરૂ કોઈ પંચનામુ કરવામાં આવેલ નથી કે અમારા રૂબરૂ કોઈ મુદામાલ સેમ્પલ કબ્જે લેવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે, સોગદ પર ખોટી જુબાની આપુ છુ.

(૨૩) આ કામમા ફરિયાદ પક્ષના સાહેદ નં. ૧૦ નયનાબેન નારણભાઈ તળાવીયાને આંક–૫૫ થી સોગંદ ઉપર તપાસવામા આવેલ છે. આ સાહેદે તેમના પુરાવામા જણાવેલ છે કે, સને ૨૦૨૪ થી રાણાવાવ પો.સ્ટે.માં પો.ઈન્સ. તરીકે ફરજ બજાવુ છુ તા. ૧૦/૪/૨૫ ના રોજ મારી ફરજ પર હું હાજર હતી તે દરમયાન પાંચા પોલા મકવાણા, ઉ.વ.૪૪, રહે.

...36...

આદીત્યાણાવાળાએ અમારા રૂબરૂ ફરીયાદ જાહેર કરતા તેઓના લખાવ્યા જણાવ્યા મુજબની રૂબરૂ તરીકે મે ફરીયાદ લીધેલી. ફરીયાદ બાદ મે તા.૧૦/૪/૨૫ ની સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં.૧૦ થી ગુન્હા રજી. નં. પાર્ટ એ–૧૧૨૧૮૦૧૫૨૫૦૨૨૧/૨૫ થી ગુન્હો રજી. કરી આગળની તપાસ જાતે સંભાળી લીધેલ. ત્યારબાદ બાદ બનાવવાળી જગ્યાએ જઈ પંચોની હાજરીમાં બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ બાદ એફએસએલ અધિકારીને બોલાવી સ્થળ પરીક્ષણ કરાવી તેનો અહેવાલ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. તેમજ ઈ–સાક્ષ્યમાં જગ્યાનું પંચનામુ વિડીયોગ્રાફી સાથે કરવામાં આવેલ અને તેનું સર્ટી. જનરેટ કરી તપાસના કામે સામેલ રાખેલ. તા.૧૧/૪/૨૫ ના રોજ આરોપી અને ભોગબનનાર બંને પોલીસ સ્ટેશને હાજર થતાં ભોગબનનારનું નિવેદન ચાઈલ્ડ વેલ્ફર ઓફીસર અને સામાજીક કાર્યકર તથા તેની માતાની રૂબરૂમા નિવેદન લેવામાં આવેલ અને નિવેદનમાં ખુલ્લેલ હકિકતના આધારે આ ગુન્હામાં બીએનએસની કલમ–૬૪(૨)(આઈ) તથા પોકસો એકટની કલમ–૪,૬,૮ નો ઉમેરો નામદાર સ્પેશ્યલ કોર્ટને રીપોર્ટ કરવામાં આવેલ. તેમજ આ કામે ભોગબનનારનું બીએનએસએની કલમ–૧૮૩ મુજબ નિવેદન લેવડાવવા માટે નામદાર સ્પેશ્યલ કોર્ટને રીપોર્ટ કરી નિવેદન લેવડાવેલ. ત્યારબાદ આરોપીની પ્રાથમિક પુછપરછ કરતા અને અટક કરવા માટે પુરતા પુરાવો હોય તેને સરકારી પંચોની રૂબરૂમાં અટક પંચનામાની વિગતે અટક કરેલ અને તેને ગુન્હાના કામે પહેરેલ કપડાઓ કબ્જે કરેલ. ભોગબનનારની મેડીકલ તપાસણી કરાવી સેમ્પલો મેળવેલ અને તે સેમ્પલોનું

વિગતવારનું પંચનામુ કરી તપાસ અર્થે કબ્જે લીધેલ. તેમજ આરોપીની મેડીકલ તપાસણી કરાવી સેમ્પલો મેળવેલ અને તે સેમ્પલોનું વિગતવારનું પંચનામુ કરી તપાસ અર્થે કબ્જે લીધેલ. બાદ ભોગબનનારની માતા નિમુબેન વા/ઓ પાંચાભાઈ મકવાણાનું વિશેષ નિવેદન લઈ તપાસમાં સામેલ રાખેલ. તા.૧૨/૪/૨૫ ના રોજ વિઝીટેશનનો ગુન્હો બનતો હોય તેથી ના.પો.અધિ.શ્રી રાણાવાવ ડિવીઝનને સ્પેશ્યલ રીપોર્ટ કરેલ. ત્યારબાદ આરોપી કઈક કહેવા તથા બતાવવા માંગતો હોય જેથી બે સરકારી પંચોની હાજરીમાં આરોપીએ આ વિગત જણાવતા તે અંગેનું પ્રાથમિક ભાગનું પંચાનામુ કરી આરપોીના જણાવ્યા મુજબ ચોકકસ જગ્યાએ ગયેલા અને ત્યાંથી આરોપીએ  જે જગ્યાએ શરીર સંબંધ બાધેલ તે જગ્યા બતાવતા તે જગ્યાએથી આરોપીએ પ્લાસ્ટીકની કોથળી જેવું રજુ કરતાં તે પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ. બાદ આરોપીએ ગુન્હાના કામે વાપરેલ મો.સા. તેમના ભાઈ વિરમભાઈ રજુ કરતાં પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ. ભોગબનનારના જન્મનું પ્રમાણપત્ર રાણાવાવ નગરપાલીકામા વેરીફાઈડ કરવા માટે મોકલેલ જે આવી જતા તપાસના કામે સામેલ રાખેલ. બાદ તા.૨૮/૪/૨૫ ના રોજ આરોપી ભોગબનનારને જે જગ્યાએ લઈ ગયેલ તે હર્ષદ અને દવારકા ગામે મંજુરી મળતાં તપાસમાં ગયેલ અને હર્ષદ મંદિરની આજુબાજુ વાળા સાહેદોના નિવેદનો લીધેલા અને ઓખા મઢી ટોલનાકાથી પશ્ચિમ દિશા તરફ વાછરાડાડાનું મંદિર છે તેના પુજારીનું નિવેદન લઈ તપાસના કામે સામેલ રાખેલ અને તેના નિવેદનમાં આરોપી તથા ભોગબનનાર મંદિરે આવેલા હોવાનું જણાવેલ. દવારકા ગામે જઈ ત્યાં પણ

જે જગ્યાએ બેઠેલાનું જણાવેલ તે આજુબાજુ વાળા સાહેદોના નિવેદનો લીધેલા અને આ રસ્તામાં આવતાં ટોલનાકામાંથી સીસીટીવી ફુટેજ મેળવવા તજવીજ કરેલ. તા.૧૭/૦૪/૨૫ ના રોજ ગુન્હાના કામે મુદામાલની સતાના પ્ર માણપત્ર સાથે રવાનગી નોંધ તૈયાર કરી કબ્જે લીધેલ મુદામાલ પૃથ્થકરણ માટે એફએસએલ ખાતે મોકલી આપેલ. તા.૨૪/૦૪/૨૫ ના રોજ ભોગબનનારનો જન્મ પ્રમાણપત્ર વેરીફાઈ થઈ આવતા તપાસના કામે સામેલ રાખેલ તેમજ ફરીયાદીના જણાવ્યા મુજબ ભોગબનનારની ઉમર ૧૫ વર્ષ ૧૧ મહીના અને ૧૦ દિવસ હોય જેથી બીએનએસ કલમ–૬૫ (૧) નો ઉમેરો કરવા માટે નામ.કોર્ટને રીપોર્ટ કરેલો તેમ જણાવી પોતે કરેલ કાર્યવાહી અંગેના દસ્તાવેજી પુરાવાઓ આંક–૫૬ થી ૯૨ સુધીના રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા જણાવેલ છે કે, અમોએ તપાસ સંભાળ્યા બાદ તરત જ અમોએ તપાસ શરૂ કરેલ. એ વાત ખરી નથી કે, ભોગબનનાર નિવેદનમાં એવુ જણાવેલ છે કે, ટકારીયા ગામથી થોડે આગળ પહોંચતા અધારૂ થઈ ગયેલ ત્યારે રાહુલે મને કહેલ કે, અહી સીમમાં હું મજુરી કામ કરવા આવેલ હતો તે ખેતરના માલીકનું તમે નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે, હાલના કામે તમામ સાહેદોના નિવેદન મે ફરીયાદ મુજબ મારી જાતે લખી લીધેલા, સાહેદ જણાવે છે કે સાહેદોના જણાવ્યા મુજબ મે નિવેદન લખેલા. એ વાત ખરી નથી કે, તમામ પંચાનામા મે પોલીસ સ્ટેશનમા જાતે તૈયાર કરેલ અને ત્યાં પંચોને બોલાવી માત્ર તૈયાર પં ચનામાં પર સહી લઈ લીધેલ. એ વાત ખરી છ`કે, સીસીટીવી ફુટેજ

ટોલનાકાના લીધેલ છે તેમા ભોગબનનાર કે આરોપી જણાય આવેલ નથી. એ વાત ખરી નથી કે, સીસીટીવી ફુટેજમાં ન જણાય આવવાનું કારણ ભોગબનનાર અને આરોપી સાથે ગયા જ નથી. એ વાત ખરી નથી કે આરોપી સામે યોગ્ય અને ચાર્જશીટ કરવા પુરતો પુરાવો ન હોય તેમ છતાં મે ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે મારી સમગ્ર કામગીરીના સમર્થનમાં સોગદ પર ખોટી જુબાની આપુ છુ.

**ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન :–**

(૨૪) ઉપર મુદૃા નં.૧ ની જે ચર્ચા કરેલ છે તે મુજબ આ કામે બનાવ સમયે ભોગબનનારની ઉંમર વર્ષ–૧૫, ૧૧–માસ અને ૧૦ દિવસની હતી તે શંકાથી પર ફરીયાદ પક્ષ સાબીત કરી શકેલ છે અને તે મુજબ બનાવ સમયે ભોગબનનારની ઉંમર ૧૮ વર્ષ કરતા નાની હતી તેવુ સ્પષ્ટ શંકાથી પર પુરવાર થાય છે. હવે જયારે ઉપર નોંધ કરેલ છે તે મુજબ ભોગબનનારની ઉંમર બનાવ સમયે ૧૮ વર્ષ કરતા નાની હતી તેવા સંજોગોમા ઈ.પી.કો.ની કલમ–૩૭૫ અને પોકસો એકટની કલમ–૨(ડી) ના કાનુની પ્ર બંધો ઘ્યાને લઈએ તો જયારે ભોગબનનારની ઉંમર ૧૮ વર્ષ કરતા નાની છે તેવા સંજોગોમા આ પ્રકારનુ કૃત્ય ભોગબનનારની સંમતિથી થયેલ છે કે તેણીની સંમતિ વિના થયેલ છે તે હકિકત મહત્વની રહેતી નથી એટલ ે કે આરોપીએ ભોગબનનાર સાથે જે શારિરીક સબંધો બાંધેલ છે તેવો આરોપી વિરુઘ્ધ જે આક્ષેપ છે તેમાં આરોપીએ ભોગબનનારની મરજીથી આ પ્ર

કારના સબંધો બાંધેલ હોય તો પણ તે મહત્વનુ રહેતુ નથી તે રીતે કાયદાની દ્રષ્ટિએ આરોપીનુ આવુ કૃત્ય તે સ્પષ્ટ ગુનો બને છે. આ તબકકે આ હકિકતન વધુ સારી રીતે સમજવા માટે ઈ.પી.કો.કલમ–૩૭૫ નો છઠઠો પ્રોવીઝો અને પોકસો એકટની કલમ–૨(ડી) ટાંકવી જરૂરી છે જે નીચે મુજબ વાંચી શકાય છે.

**Section 375 of IPC**

**375. Rape**

A man is said to commit "rape" if he -

(a) Penetrates his penis, to any extent, into the vagina, mouth, urethra or anus of a woman or makes her SO with him or any other person; or to do

(b) inserts, to any extent, any object or a part of the body, not being the penis, into the vagina, the urethra or anus of a woman or makes her to do so with him or any other person; or

as to (c) manipulates any part of the body of a woman so cause penetration into the vagina, urethra, anus or any part of body of such woman or makes her to do so with him or any other person; or

(d) applies his mouth to the vagina, anus, urethra of a woman lor makes her to do so with him or any other

person, under the circumstances falling under any of the following seven descriptions:

First :-

*

Secondly: *

Thirdly :-

Fourthly :-

Five :-

Sixthly With or without her consent, when she is under eighteen years of age.

Seventyly:-

**Section 2 (D) of POCSO**

(d) "child" means any person below the age of [eighteen] years;

ઉપર નોંધ કરેલ છે તે મુજબ આરોપી વિરુધ્ધ જે તહોમતનામું ફરમાવવામા આવેલ છે તે કૃત્યમાં ભોગબનનારની સંમતિ હોય તો પણ તે મહત્વની રહેતી નથી તેવુ કાયદાથી પ્રસ્થાપિત થયેલ છે અને તે કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે. જેથી આ કામે બચાવ પક્ષ દ્વારા જે ભોગબનનાર અને આરોપી વચ્ચે પ્રેમ સબંધ હતો અને ભોગબનનાર અને આરોપી વચ્ચે જે સબંધો બંધાયેલ છે તે સહમતીથી હતાં અને તે અનુસંધાને ભોગબનનારની સંમતિથી બંધાયેલ છે તેવો જે બચાવ પક્ષે બચાવ રજુ કરવામાં આવેલ છે અને ખાસ કરીને તેઓની દલીલોમાં જે બચાવ ઉપસ્થિત કરવામાં આવેલ છે

તે અત્ર ટકવા પાત્ર રહેતો નથી અને તે રીતે તે ધ્યાને લેવા પાત્ર રહેતો નથી. આ તબકકે ઉપરોક્ત ચર્ચા ની સાથે તાજેતરમાં નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના ચુકાદા SUO MOTU WRIT PETITION No.30 OF 2023, IN RE : RIGHT TO PRIVACY OF ADOLESCENTS WITH CRIMINAL APPEAL No. 1451 TO 2024 માં જે સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે તે પણ અત્રે ધ્યાને લેવા જરૂરી છે અને તે રીતે તેની પણ અત્રે નોંધ કરવી જરૂરી છે તે નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાના પેરા-૧૬,૧૭,૧૮ અને ૧૯ ઘણાજ મહત્વના છે તે અત્રે ધ્યાને લેવા જરૂરી છે જે નીચે મુજબ છે.

acts" while 16. Now, we come to the reasons recorded by the Division Bench. The Division Bench has invited a very peculiar concept of "non-exploitative sexual dealing with the offences punishable under Section 376(2)(n) of the IPC and Section 6 of the POCSO Act. We fail to understand how a sexual act, which is a heinous offence, can be termed as non-exploitative. When girl fourteen years old is subjected to such a horrific act, how can it be termed as "non- exploitative"? In paragraph 17, High Court refers the a to who is "marital is no of rape". In this case, there evidence of marriage. The Bench has also invented a non-existent category "older adolescents" and lamented about the lack of recognition of the consensual behavior of older adolescents. We fail to understand this concept of "older adolescents". Further, the Division Bench goes on to

observe that sexual behavior in adolescents, particularly onset from the of puberty, is established as being a natural, normative and integral part of an adolescent's development.

17. We must deal with some of the observations made by the High Court. High Court concluded The equating and that by non consensual exploitative sexual acts with rape and aggravated penetrative sexual assault, the law undermines the bodily integrity and dignity of adolescents. The High Court was not called upon to discuss the merits and demerits of the existing laws. What is shocking is the observation made in paragraph 23 of the impugned judgment where the High Court observed that while achieving ostensible objectives to protect all children below 18 years from sexual exploitation, the law's unintended effect has been the deprivation of A Liberty of young people in consensual relationship. The Court, surprisingly, carved out a non-existing category of romantic cases in the rape cases. While dealing with the offences under the POCSO Act, shockingly, the Court observed that the law undermines the identity of adolescent girls by casting them as victims, thereby rendering them voiceless. The Court says that, on the other hand, adult boys are

discriminately treated as children in conflict with the law. Thereafter, in paragraph 25, the Court proceeded to criticise the POCSO Act by observing that it clubs all persons below eighteen years without considering their developing sexuality, evolving capacity and the impact of such criminalisation on their best interests. In paragraph 28, the Court went further. It held that instead of protecting the adolescents from abuse, the law exposes them in factually consensual and non–exploitative relationships to the risk of criminal prosecution. It compromises the mandate of protecting the children. Therefore, the Court observes that an amendment is to decriminalise consensual necessary sexual acts involving adolescents above sixleen years. The High Court, while dealing with an appeal order of conviction, was against the not called upon to make the observations which we have referred to above. Perhaps these the subjects on which only the could debated at were experts have different forum. The judges ought to have avoided expressing their personal views even assuming that there was some justification for holding the views. While the High Court observed this, it forgot that in the facts of the case, the Court was not dealing with the sexual acts involving adolescents above sixteen years, as the age of the victim was fourteen

years and the accused was twenty−five years at the relevant time. In 18. In paragraph 29, the Court went into the question of rights based approach, which was completely unwarranted. paragraph 30.1, the Court referred to the generation of androgenic steroids. and secretion from the pituitary gland. Thereafter, the Court laid down the duties and obligations of every female and adolescent in paragraph 30.3, which we have quoted above. No reasons are required to be recorded for holding that incorporation of the same in the Judgment is entirely irrelevant and unwarranted. After the that, Court have referred to above. Perhaps these were the experts subjects could different on have forum. which only debated The judges the at a ought to have avoided expressing their personal views even assuming that there was some justification for holding the views. While the High Court observed this, it forgot that in the facts of the case, the Court was not dealing with the sexual acts involving adolescents above sixteen years, as the age of the victim was fourteen years and the accused was twenty−five years at the relevant time.

18. In paragraph 29, the Court went into the question of rights based approach, which was completely unwarranted. In paragraph 30.1, the Court referred to the generation of androgenic steroids and secretion

from the pituitary gland. Thereafter, the Court laid down the duties and obligations of every female and adolescent in paragraph 30.3, which we have quoted above. No reasons are required to be recorded for holding that incorporation of the same in the judgment is unwarranted. entirely After irrelevant that, the and Court proceeded to lay incorporating reproductive the the health school several emphasis on aspects of and hygiene into There are curriculum. statements and conclusions in the impugned judgment which, to say the least, are shocking. Perversity is writ large on the face of the judgment, which can be seen in several paragraphs of the impugned judgment.

19. The duty of the High Court was to ascertain on the evidence whether the offences under Section 6 of the POCSO Act and made Section out. Section In 375 376 view of the of the of "sixthly" IPC, IPC were in penetrative intercourse with a woman under eighteen years of consent, rape. age, with or constitutes an Therefore, whether without offence such her of offence arises from a romantic relationship is irrelevant. How can an act that is an offence punishable under the POSCO Act be described as "a romantic relationship"?

The High Court went to the extent of observing that the case of criminalisation of a romantic relationship between two adolescents of opposite sex should be best left to the wisdom of the judiciary. The Courts must follow and implement the law. The courts cannot commit violence against the law. The findings and observations in the finding impugned on judgment, the

except the applicability of Sections 363 and 366 of the IPC, cannot be sustained.

(૨૫) ઉપરોકત નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો અને તેમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતા નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રેમ સબંધના અનુસંધાને થયેલ આવા શારિરીક સબંધોના કૃત્યને સ્પષ્ટ રીતે ગુનાહીત કૃત્ય ગણેલ છે અને આ પ્રકારના કૃત્યમાં ભોગબનનારની સંમતિ મહત્વની નથી તેવુ સ્પષ્ટ ઠરાવેલ છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના ચુકાદામા એવુ સ્પષ્ટ જણાવેલ છે કે, અદાલતોએ જે કાયદા ધારાસભા દ્વારા ઘડવામા આવેલ છે અને તેમાં જે કાનુની પ્રબંધો કરવામાં આવેલ છે તેનુ ચુસ્તપણે પાલન કરવુ જોઈએ તેવો સ્પષ્ટ સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે. તે મુજબ આ બાબતે ઠરાવેલ કાનુની પ્રબંધો અને નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા બચાવ પક્ષે આરોપી અને ભોગબનનાર વચ્ચે પ્રેમસબંધની જે થીયરી રજુ કરેલ છે અને આરોપી અને ભોગબનનાર વચ્ચે જે શારિરીક સબંધો થયેલ છે તે પ્રેમ સબંધના અનુસંધાને થયેલ છે તેવો જે બચાવ રજુ કરેલ છે તે બચાવ ઉપરોકત જે કાનુની પ્રબંધો આ અદાલતે ટાંકેલ છે તે મુજબ.અને નામદાર

સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદા મુજબ ધ્યાને લેવા પાત્ર જણાય આવતો નથી. તે રીતે ભોગબનનારની સંમતિ સબબનો બચાવ કે જે આરોપી પક્ષે ઉપસ્થિત કરેલ છે તે અત્રે ટકવા પાત્ર રહેતો નથી.

(૨૬) આમ ઉપરોકત સમગ્ર ચર્ચાએ આ કામે આ ગુનાના સૌથી મહત્વના સાહેદ તે આ ગુનાના ભોગબનનાર છે. આ પ્રકારના ગુનામા ભોગબનનાર જ એક એવા સાહેદ છે કે જે આ ગુના સબબ સાચી હકિકત અદાલત સમક્ષ પુરાવા સ્વરુપે રજુ કરી શકે અને એ કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, આ પ્રકારના ગુનામાં ભોગબનનારનો પુરાવો તે ક્રિમીનલ ટ્રાયલમાં જે ઈજા પામનારનો પુરાવો છે તે મુજબનો છે. આ કામે ઉપરોકત રેકર્ડ પર રજુ થયેલ ભોગ બનનારનો પુરાવો વંચાણે લેવામાં આવે તો તેણીએ આરોપીએ કઈ રીતે અને કઈ કઈ જગ્યાએ તેણી સાથે દુષ્કૃત્ય આચરેલ છે તેનું વિગતવાર વર્ણન તેના અદાલત રુબરુના આંક–૨૨ ના પુરાવા દરમ્યાન કરેલ છે અને સદર ભોગ બનનારના પુરાવાની સાથે આંક–૧૭ થી રજુ થયેલ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ (સી.આર.પી.સી. કલમ–૧ ૬૪) અન્વયેનું નિવેદન વંચાણે લેતા પણ તેમાં પણ તેઓએ આરોપી ધ્વારા દુષ્કૃત્ય આચરેલાની હકીકત જણાવેલ છે અને તેમાં કોઈ મહત્વનો વિરોધાભાસ કે વિસંગતતા જણાય આવતી નથી. અત્રે ભોગ બનનારે તેમની આંક–૧૬ થી આપેલ જુબાનીના સરતપાસના પેરેગ્રાફ–૧ અક્ષરસ: મુકવાનું વ્યાજબી જણાય છે. જે નીચે મુજબ છે.

'' મે ધોરણ નવ સુધી આદીત્યાણાની હાઈસ્કુલમાં અભ્યાસ કરેલ છે. મારા બાપુજી ટ્રક ડ્રાઈવીંગ કરે છે. અમારા આદીત્યાણા મેઈન બજારમા દર સોમવારે

ગુજરી બજાર ભરાઈ છે. આ ગુજરી બજારમાં બનાવના ચાર પાંચ મહીના પહેલાં હું ગયેલી. ત્યારે મને રાહુલ રાવલ ગામનો મળેલો હતો. તે જીજરકા એરીયામાં કામ કરતો હતો અને તે કોળી જ્ઞાતિનો હતો. અમારા બંનેને બોલવા ચાલવાનો વ્યવહાર થયેલો. હું તેની સાથે મોબાઈલ ફોનથી મેસેજ તેમજ આઈ–ડી મારફત તેમજ ફોન દવારા વાતચીત કરતી હતી. મારે તેની સાથે પ્રેમસંબંધ થયેલો. પછી મે તેને ભાગી જવાનું કહેલુ અને પછી તે મને અમારા ગામના ગેઈટ પાસેથી અમે હર્ષદ ગામે ગયેલા, ત્યાં દર્શન કરીને દવારકા ગયેલા પછી દવારકાથી દરીયાના કાંઠે ગયેલા અને ત્યાં બેઠેલા અને ત્યાં નાસ્તો કરેલો. રાત દવારકા રોકાયેલા અને ત્યાંથી દવારકાથી નીકળી રસ્તામાં નાસ્તો કરેલો, નાસ્તો કરીને નીકળેલા અને ત્યાં રસ્તામા વાછરાડાડાના મંદિરે ગયેલા પછી કટાંરીયા ગયેલ અને કટાંરીયા હોટલમાં ખાધેલ અને પછી ત્યાં એક ખેતર આવેલ હતુ અને ત્યાં રાહુલ મજુરી કરતો ત્યાં ગયેલા અને ત્યાં રાત પડી ગયેલ. ત્યાં મે રાહુલ સાથે શરીર સંબંધ બાંધેલો. એકવાર મારી સાથે શરીર સં બંધ બાંધેલો. આ વાડી રાહુલે જોઈ હતી અને રાહુલ ત્યાં અગાઉ કામ કરતો હતો. ત્યાં બાજુમા ખેતર આવેલ હતા. ત્યાં રાણાવાવ પોલીસ સ્ટેશને આવેલા. ત્યાં પોલીસે અમીર પુછપરછ કરી મારો જવાબ લીધેલો. ત્યાં પોલીસ પાસે બનાવ વખતે પહેરેલ કપડા રજુ કરેલા.''

સાથે સાથે ભોગ બનનારે મહે. એડી. ચીફ જયુડી. મેજી. પોરબંદરનાઓ સમક્ષ તેમનું નિવેદન રેકર્ડ કરાવેલ છે જે આંક–૧૭ નું બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન વંચાણે લેતા તેમાં કોઈ મહત્વનો વિરોધાભાસ જણાય આવતો નથી. અને ભોગ બનનારની

મૌખિક જુબાનીને બી.એન.એસ.એસ. કલમ–૧૮૩ મુજબનું નિવેદન સમર્થન કરે છે. સાથે સાથે બચાવપક્ષે જે ઉલટ તપાસ લેવામાં આવેલ છે તેમાં પણ કોઈ મહત્વનો વિરોધાભાસ લાવી શકેલ નથી. અને  તેવી હકીકત જણાય આવે છે કે, આ કામના આરોપી ભોગ બનનારને અગાઉથી ઓળખતો હતો. ભોગ બનનારની જુબાની વંચાણે લેતા આ કામના આરોપીએ ભોગ બનનારની મરજી વિરુધ્ધ બળજબરીથી તેની સાથે શરીરસબંધ બાંધેલાની હકીકતને સમર્થન મળે છે. અત્રે એ નોંધવુ આવશ્યક છે કે ભોગ બનનારે આરોપીને વી.સી. થી ઓળખી બતાવેલ છે.

(૨૭)        આ કામે ફરીયાદી કે જે ભોગ બનનારના પિતા છે તે નો પુરાવો વં ચાણે લેતા  ફરીયાદીએ આંક–૧૫ વાળી ફરીયાદ હકીકતને સમર્થન આપેલ છે.

(૨૮)        આંક–૨૪ થી ફરીયાદપક્ષે ડો. નયનભાઇ રાજેશભાઇ કરમટાનેને તપાસેલા છે. સદર મેડીકલ ઓફીસરની જુબાની વંચાણે લ ેતા સરતપાસના પેરા–૨ અક્ષરસ: મુકવાનું વ્યાજબી જણાય છે જે નીચે મુજબ છે.

'' ભોગબનનારનો પ્રથમ ઓપીડી કેસ પેપર કાઢવામાં આવેલ. ભોગબનનારની ઉ.વ.૧૫,૧૧ માસ અને ૧૦ દિવસની હતી, રહે. આદીત્યાણા હતા. પ્રથમ ભોગબનનારે મારા રૂબરૂ એવી હિસ્ટ્રી આપેલ હતી કે '' આજથી આશરે ત્રણ દિવસ પહેલાં ભોગબનનારને રાહુલ લાખા જાદવ નામનો વ્યકિત પોતાની મો.સા. પર બેસાડીને આદીત્યાણા ગામેથી લઈ ગયેલ. તેઓ પહેલાં હર્ષદ ગામે લઈ ગયેલ અને ત્યાંથી દવારકા લઈ ગયેલ, ત્યાંથી બીજા દિવસે સવારના સાત વાગ્યે આસપાસ તેઓ મઢી નામની

જગ્યાએ વાછરાડાડાના મંદિરે ગયેલ, ત્યાંથી ટંકારીયા ગામે ગયેલ, ત્યાં તેઓ કોઈ વાડીએ રોકાયેલ હતા, ત્યાં તેઓએ એકવાર શરીર સંબંધ ભોગબનનારની મરજીથી બાંધેલો. તેઓને ગર્ભ નિરોધક પદાર્થ ઉપયોગ કરેલ ન હતો. પછી બીજા દિવસે તેઓ રાવલ ગયેલ અને ત્યાંથી બસમાં બેસીને પોરબંદર આવેલા અને પોરબંદરથી રાણાવાવ ખાતે આવેલા.''

સાથે સાથે સદર મેડી. ઓફીસરએ આરોપીની પણ શારીરીક પરીક્ષણ કરેલ છે તેમાં આરોપીએ જે હીસ્ટ્રી જણાવેલ તે આ સાહેદની જુબાનીના પેરા–૭ માં તે હકીકત જણાવેલ છે તે પેરા–૭ અત્રે અક્ષરસ: મુકવાનું વાજબી જણાતુ હોય જે નીચે મુજબ છે.

''(૭) આરોપીએ હિસ્ટ્રીમા મારા સમક્ષ એવી હકિકત લખાવેલ કે, ''ગઈ તા.૯/૪/૨૫ ના બપોરના આશરે ૩.૩૦ વાગ્યાની આસપાસ તેઓએ ભોગબનનારને આદીત્યાણા ગામેથી તેમના મો.સા.માં બેસાડીને હર્ષદ ગામે લઈ ગયેલ, ત્યાંથી સાંજે છ વાગ્યાની આસપાસ દવારકા ખાતે ગયેલ, તેઓ દવારકામા આખી રાત કોઈ પાર્કીંગમાં બેઠા. બીજા દિવસ ે સવારે તેઓ મઢી ગામે ગયેલ અને ત્યાંથી તેઓ ટંકારીયા ગામે ગયેલ અને તેઓ ત્યાં કોઈ વાડીએ રોકાયેલ હતા. વાડીએ તેઓએ ભોગબનનારની મરજીથી એકવાર શરીર સંબંધ બાંધેલ હતો. તેઓએ ગર્ભ નિરોધક પદાર્થનો ઉપયોગ કરેલ ન હતો. બીજા દિવસે તેઓ રાવલ ગામેથી બસમાં બેસીને પોરબંદર આવેલા અને ત્યાંથી રીક્ષામાં બેસીને રાણવાવ આવેલ હતા.''

(૨૯) આમ ઉપરોકત કે જેઓ મેડીકલ ઓફીસર છે અને સ્વતંત્ર સાહેદ છે તેઓ સમક્ષની હીસ્ટ્રીમાં ભોગ બનનાર સાથે આરોપીએ શરીરસબંધ બનાવેલ તે હકીકતને સાહેદની ઉપરોકત જુબાનીથી સમર્થન મળે છે. આ કામના સાહેદ કેજે મેડીકલ ઓફીસર છે તે ભોગ બનનારનું હાઈમન તુટેલુ હતુ તેવુ જણાવે છે તે હકીકત પણ ભોગ બનનાર સાથે શરીર સબંધ બાંધવામાં આવેલો તે હકીકતને સમર્થન મળે છે. આમ ઉપરોકત સાહેદની ઉલટ તપાસમાં કોઈ વિરુધ્ધની હકીકત જણાય આવેલ નથી. જેથી ભોગ બનનાર સાથે આરોપીએ શરીરસબંધ બાંધેલ તે હકીકતને સાહેદની જુબાનીથી સમર્થન મળે છે અને ઉપરોકત સાહેદે ભોગ બનનારની જે હીસ્ટ્રી લખેલ તે કેસ પેપર આ કામે આંક–૨૬ થી રજુ રાખેલ છે તથા આરોપીએ જે હીસ્ટ્રી લખાવેલ તે કેસ પેપર આંક–૩૨ થી રજુ રાખેલ છે તે વંચાણે લેતા ઉપરોકત હકીકતને સમર્થન મળે છે.

(૩૦) આ કામે ફરીયાદપક્ષે સાહેદડો. નિલેશ મકવાણાને આંક–૨૦ થી તપાસવામાં આવેલ છે તેઓએ ભોગબનનારની મેડીકલ તપાસણી કરેલ તેમજ તેમની જુબાની વંચાણે લેતા પણ ભોગ બનનાર સાથે શરીર સબંધ (બળાત્કાર) થયેલ હોવાની હકીકતને સમર્થન મળે છે.

(૩૧) ફરીયાદપક્ષે આ કામે સાહેદ કરશનભાઈ વીસાભાઈ ઓડેદરાને આંક–૩૯ થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં આરોપીનું અટક પંચનામુ તથા કપડા કબજે લીધાના આંક–૪૦ ના પં ચનામાને તેમજ આંક–૪૪ ના ભોગ બનનારના કપડા કબજે લીધાના પં ચનામાની હકીકતને સમર્થન આપેલ છે. એવી જ રીતે ફરીયાદપક્ષે સાહેદ

કમલેશગીરી દોલતગીરી અપારનાથીને આંક–૪૯ થી તપાસેલ છે. સદર સાહેદે ડીસ્કવરી પંચનામુ કે જે આંક–૫૦ થી રજુ કરવામાં આવેલ છે તેને સમર્થન આપેલ છે તેમજ તેઓની રુબરુમાં મુદ્દામાલ વાહન મોટર સાયકલ કબજે લીધેલ તે પંચનામં આંક–૫૧ થી રજુ થયેલ છે તેને પણ સમર્થન આપેલ છે. ફરીયાદપક્ષે સાહેદ જીતેન્દ્રભાઈ પ્રેમજીભાઈ મકવાણા ને આંક–૫૩ થી તપાસવામાં આવેલા તેઓ પંચ સાહેદ છે તેઓ તેમની જુબાનીમાં ભોગ બનનાર તથા આરોપીના સેમ્પલો કબજે કરવામાં આવેલ તે આંક–૫૪ વાળા પંચનામાને સમર્થન આપે છે.

(૩૨) ફરીયાદપક્ષે સાહેદ ત.ક.અ. નયનાબેન નારણભાઈ તળાવીયાને આંક–૫૫ થી તપાસવામાં આવેલ છે કે જે સાહેદ પોતે બનાવ સમયે પી.આઈ. રાણાવાવ તરીકે ફરજ બજાવતા હતાં અને ઉપરોકત ગુનાની તપાસ તેઓએ સંભાળ્યા બાદ સાધનીક કાગળો ફરીયાદ સહીતના અભ્યાસ કરી અને સાહેદોના નિવેદનો લીધેલા તથા ત્યારબાદ બાદ બનાવવાળી જગ્યાએ જઈ પંચોની હાજરીમાં બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ બાદ એફએસએલ અધિકારીને બોલાવી સ્થળ પરીક્ષણ કરાવી તેનો અહેવાલ મેળવી તપાસના કામે સામેલ રાખેલ. તેમજ ઈ–સાક્ષ્યમાં જગ્યાનું પંચનામુ વિડીયોગ્રાફી સાથે કરવામાં આવેલ અને તેનું સર્ટી. જનરેટ કરી તપાસના કામે સામેલ રાખેલ. તા.૧૧/૪/૨૫ ના રોજ આરોપી અને ભોગબનનાર બં ને પોલીસ સ્ટેશને હાજર થતાં ભોગબનનારનું નિવેદન ચાઈલ્ડ વેલ્ફર ઓફીસર અને સામાજીક કાર્યકર તથા તેની માતાની રૂબરૂમા નિવેદન લેવામાં

આવેલ અને નિવેદનમાં ખુલ્લેલ હકિકતના આધારે આ ગુન્હામાં બીએનએસની કલમ–૬૪(૨)(આઈ) તથા પોકસો એકટની કલમ–૪,૬,૮ નો ઉમેરો નામદાર સ્પેશ્યલ કોર્ટને રીપોર્ટ કરવામાં આવેલ. તેમજ આ કામે ભોગબનનારનું બીએનએસએની કલમ–૧૮૩ મુજબ નિવેદન લેવડાવવા માટે નામદાર સ્પેશ્યલ કોર્ટને રીપોર્ટ કરી નિવેદન લ ેવડાવેલ. ત્યારબાદ આરોપીની પ્રાથમિક પુછપરછ કરતા અને અટક કરવા માટે પુરતા પુરાવો હોય તેને સરકારી પંચોની રૂબરૂમાં અટક પંચનામાની વિગતે અટક કરેલ અને તેને ગુન્હાના કામે પહેરેલ કપડાઓ કબ્જે કરેલ. ભોગબનનારની મેડીકલ તપાસણી કરાવી સેમ્પલો મેળવેલ અને તે સેમ્પલોનું વિગતવારનું પંચનામુ કરી તપાસ અર્થે કબ્જે લીધેલ. તેમજ આરોપીની મેડીકલ તપાસણી કરાવી સેમ્પલો મેળવેલ અને તે સેમ્પલોનું વિગતવારનું પંચનામુ કરી તપાસ અર્થે કબ્જે લીધેલ. તા.૧૨/૪/૨૫ ના રોજ વિઝીટેશનનો ગુન્હો બનતો હોય તેથી ના.પો.અધિ.શ્રી રાણાવાવ ડિવીઝનને સ્પેશ્યલ રીપોર્ટ કરેલ. ત્યારબાદ આરોપી કઈક કહેવા તથા બતાવવા માંગતો હોય જેથી બે સરકારી પંચોની હાજરીમાં આરોપીએ આ વિગત જણાવતા તે અંગેનું પ્રાથમિક ભાગનું પંચાનામુ કરી આરપોીના જણાવ્યા મુજબ ચોકકસ જગ્યાએ ગયેલા અને ત્યાંથી આરોપીએ  જે જગ્યાએ શરીર સંબંધ બાધેલ તે જગ્યા બતાવતા તે જગ્યાએથી આરોપીએ પ્લાસ્ટીકની કોથળી જેવું રજુ કરતાં તે પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ. બાદ આરોપીએ ગુન્હાના કામે વાપરેલ મો.સા. તેમના ભાઈ વિરમભાઈ રજુ કરતાં પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે લીધેલ. અને

એ રીતે આંક–૫૬ થી આંક–૯૨ સુધીના દસ્તાવેજોને તેઓ સમર્થન આપે છે તથા તપાસના કામે આરોપી ઘરપકડ કરવામા આવેલ તે હકીકતને પણ સમર્થન કરે છે અને આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે.

આમ ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત પુરાવાને ધ્યાનપુર્વક વંચાણે લેતા બચાવપક્ષે ભોગ બનનારની જન્મ તારીખ પુરાવાર નથી થતી તથા ફરીયાદી ભોગ બનનાર સાથે સંભોગ થયેલાની હકીકતને સમર્થન કરતા નથી તે હકીકત માનવાયોગ્ય નથી.

(૩૩) આ તબકકે પોકસો એકટની કલમ–૨૯ તથા કલમ–૩૦ ની જોગવાઇ ધ્યાને લેવી જરુરી જણાય છે જે નીચે મુજબ છે.

***Section 29. Presumption as to certain offences.***

***Where a person is prosecuted for committing or abetting or attempting to commit any offence under sections 3, 5, 7 and section 9 of this Act, the Special Court shall presume, that such person has committed or abetted or attempted to commit the offence, as the case may be unless the contrary is proved.***

*Section* **30**. **Presumption of culpable mental state.**—(1) In any prosecution for any offence under this Act which requires a culpable mental state on the part of the accused, the Special Court shall presume the 13 existence of such mental state but it shall be a defence for the accused to prove the fact that he had no such mental state with respect to the act charged as an offence in that prosecution.

(2) For the purposes of this section, a fact is said to be proved only when the Special Court believes it to exist beyond reasonable doubt

and not merely when its existence is established by a preponderance of probability.

Explanation.—In this section, "culpable mental state" includes intention, motive, knowledge of a fact and the belief in, or reason to believe, a fact.

(૩૪) ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતા હાલના કેસમાં ફરીયાદપક્ષ ધ્વારા આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર કરેલ છે. ફરીયાદપક્ષના મુળભુત કેસની હકીકતો પુરવાર થયેલ છે. આરોપી તરફે તેનાથી વિરુધ્ધની કોઈ હકીકતો રેકર્ડ ઉપર પુરવાર કરેલ નથી. તેવા સંજોગોમાં કલમ-૨૯ નું અનુમાન ફરીયાદપક્ષના લાભમાં કરવાનું થાય છે. આમ ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું ધ્યાનપુર્વક વંચાણે લેતા અને મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષ આંક-૧૫ વાળી ફરીયાદની હકીકતને આં ક-૧૬ થી ભોગ બનનારની જુબાની તથા ભોગ બનનારે મહે. એડી. ચીફ જયુડી. મેજી. સમક્ષ બી.એન.એસ.એસ. ની કલમ-૧૮૩ મુજબ આપવામાં આવેલ નિવેદન તથા મેડીકલ ઓફીસર સમક્ષ ભોગ બનનાર તથા આરોપીએ આપેલ હીસ્ટ્રી તથા મેડીકલ સર્ટી. થી ફરીયાદપક્ષ એ હકીકત નિ:શં કપણે પુરવાર કરવામાં સફળ થયેલ છે કે, બનાવ સમયે ભોગ બનનારની ઉં મર ૧૫ વર્ષ ૧૧ માસ અને ૧૦ દિવસની હતી તે ભોગ બનનારને આ કામના આરોપીએ તા. ૯-૧૦-૨૦૨૪ ના કલાક ૧૫-૫૦ વાગ્યાના અરસામાં આદિત્યાણા મુકામેથી ભોગ બનનાર ફરીયાદીના કાયદેસરના વાલીપણામાં રહેલ હોય અને જેઓ સગીર વયની હોય તેઓને બદકામ કરવાના ઈરાદે લલચાવી, ફોંસલાવી લગ્ન કરવાની લાલચ આપી તેનું અપહરણ-અપનયન કરી ભગાડી જઈ તેણી સાથે તેણીની ઈચ્છા અને મરજી વિરુધ્ધ ભોગ-

બનનાર સાથે શરીર સબંધ બાંધેલ અને બળાત્કાર કરેલ હોવાનું પુરવાર કરવામાં સફળ થયેલ છે અને જેથી આ કામના આરોપી સામે બી.એન.એસ. ની કલમ–૧૩૭(૨), ૬૪(૨)(આઈ), ૬૫(૧), તથા પોકસો એકટની કલમ ૪,૬, ૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો પુરવાર થતો હોય **મુદા નં. ૨ તથા ૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.**

(૩૫) ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપી વિરુધ્ધના ગુન્હા પુરવાર થતા હોય જેથી આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>: હુ ક મ :</u>**

૧. આરોપી રાહુલ લાખાભાઈ જાદવ ને બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૨) હેઠળ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ), ૬૫(૧) તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૨. આરોપીને સજા અંગે સાંભળવા માટે રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૨૩ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૨૩ /૦૪/૨૦૨૬
સ્થળ : પોરબંદર.

(પી. એચ. શર્મા)
સ્પે. જજ (પોકસો)અને
એડીશ્નલ સેસન્શ જજ,
પોરબંદર.
GJ00701

(૩૬) સજાના મદ્દે સાંભળ્યા. આરોપી તરફે વિ. વ.શ્રી પી. એન. કોટીયાની રજુઆત છે કે, આરોપી ગરીબ ઘરના છે, યુવાન વયના છે તેની સામાજીક અને આર્થીક સ્થીતી સારી નથી. સામાજીક અને આર્થીક સ્થીતીને ધ્યાને રાખી ઓછામાં ઓછી સજા કરવા અરજ કરે છે. સાથેસાથે અગાઉ જામીન મળતા પહેલા આરોપી કસ્ટડીમાં રહેલ તે સજા મજરે આપવા અરજ કરે છે અને દંડ ઓછો કરવા વિનંતી કરે છે. ફરીયાદપક્ષે વિ. ડી.જી.પી. શ્રી એસ. બી. જેઠવા તરફે મુખ્યત્વે દલીલ એવી છે કે, પોકસો મુજબનો ગંભીર ગુન્હો આરોપી સામે સાબીત થયેલ છે અને ભોગ બનનારની ઉંમર ૧૬ વર્ષથી ઓછી છે તે ધ્યાને લઇ અને કાયદાના પ્રોવીઝનો મુજબ સજા કરવા વિનંતી કરે છે.

(૩૭) આ કામે સજાના મુદ્દે આરોપીના વિ.વ.શ્રી પી. એન. કોટીયા તથા ફરીયાદપક્ષે વિ. ડી.જી.પી. શ્રી એસ.બી. જેઠવા સાંભળ્યા. ફરીયાદપક્ષે ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ) , ૬૫(૧) તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૮ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા પુરવાર થયેલ છે. આમ જયારે આરોપી સામે ગંભીર પ્રકારનો ગુન્હો જેવો કે, ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી તેની ભોગ બનનાર દિકરી કે જેની ઉંમર ૧૫ વર્ષ ૧૧ માસ અને ૧૦ દિવસની હતી તેને લોભ, લાલચ અને પ્રલોભન આપી ભગાડી લઈ જઈ અને તેની સાથે તેની મરજી વિરુધ્ધ બળજબરી પુર્વક અવાનવાર શરીર સબંધ બાંધેલ છે તે એક ગંભીર બાબત છે. ધારાસભાએ ઉપરોકત ગુન્હામાં જેમાં ભોગ બનનારની ૧૬ વર્ષથી નીચેની હોય તે સંજોગોમાં ૨૦ વર્ષથી ઓછી નહી અને આજીવન કેદની સજાની

જોગવાઈ કરેલ છે અને આજીવન કેદ એટલે કે વ્યકિતના જીવનના અંતીમ શ્વાસ સુધીની સજાની જોગવાઈ ધારાસભાએ ઉપરોકત પ્રોવીઝનમાં કરેલ છે. ધારાસભા ઉપરોકત પ્રોવીઝનની રચના પાછળ ૧૬ વર્ષથી નાની ઉંમરની બાળકીના જીવન અને તેના શીલ અને ચારીત્રની સુરક્ષા બાબતે ગંભીર છે જેથી જયારે હાલના કેસમાં ભોગ બનનાર બાળકીની ઉંમર ૧૫ વર્ષ ૧૧ માસ અને ૧૦ દિવસની હોય ત્યારે તેવા આરોપીને સજામાં કોઈપણ પ્ર કારે ઓછી સજા કરવાનું વ્યાજબી, ન્યાયી અને ઉચિત જણાતુ નથી અને જેથી કાયદાના પ્રોવીઝન મુજબ જે મહત્તમ સજા એટલે કે, આજીવન કેદની સજા કરવાનું આ કોર્ટને વ્યાજબી, ન્યાયી અને ઉચિત માને છે અને જેથી સાંપ્રત સમાજમાં સગીર બાળકી સાથે થતા જઘન્ય અપરાધ રોકવા માટે દાખલો બેસાડી શકાય અને જેથી તે મુજબ હુકમ કરવામા આવે છે.

(૩૮) આ તબકકે પોકસો કલમ–૪૨ ધ્યાને લેવી જરુરી જણાય છે. જેની જોગવાઇ નીચે મુજબ છે.

**"42. Where an act or omission constitutes an offence punishable under this Act and also under sections 166A, 354A, 354B, 354C, 3540, 370, 370A, 375, 376, 376A, 376C, 3760, 376E or section 509 of the Indian Penal Code, then, notwithstanding anything contained in any law for the time being in force, the offender found guilty of such offence shall be liable to punishment under this Act or under the Indian Penal Code as provides for punishment which is greater in degree."**

(૩૯) ઉપરોકત જોગવાઇ જોતા હાલના કેસમાં આરોપીને બી. અને.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ) ૬૫(૧) તથા

પોક્સો એક્ટની કલમ–૪, ૬, ૮ મુજબ પણ આરોપીને તેની સામેનો ગુન્હો સાબીત થયાનું અને તકસીરવાન ઠરાવેલ છે અને તે રીતે આઇ.પી.સી. કલમ–૩૭૬(બી.એન.એસ. કલમ–૬૪(૨)(આઇ)(એમ) (૬૫(૧)) ના ગુન્હા સબબ નવા સુધારા પ્રમાણે કરવામાં આવેલ સજા અંગેની જોગવાઇ ધ્યાને લઇએ તો તેમાં ઓછામાં ઓછી ૧૦ વર્ષની અને મહત્તમ આજીવન કેદની સખત કેદની સજાની જેમાં આજીવન કેદની આરોપીના કુદરતી મૃત્યુ ન થાય ત્યાં સુધી ગણવાની જોગવાઇ છે અને દંડની જોગવાઇ છે. જયારે જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ–૪ એક્ટની કલમ–૪ માં જો બનાવ સમયે ભોગ બનનાર ૧૬ વર્ષથી ઓછી ઉંમરની હોવાનું સાબીત થાય ત્યારે ઓછામાં ઓછી ૨૦ વર્ષની સખત કેદ અને દંડની જોગવાઇ કરવામાં આવેલ છે. આ કામે ઉપરોકત જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમના સજાના સંદર્ભમાં અને સરકારી વ.શ્રીની રજુઆત તથા કાયદાકીય જોગવાઇ મુજબ આરોપીને આઇ.પી.સી. કલમ–૩૭૬ (બી.એન.એસ. કલમ–૬૪(૨)(આઇ)(એમ), ૬૫(૧) મુજબ અલગ સજા કરતો નથી પરંતુ તેની સામે પોક્સો એક્ટની કલમ–૪, ૬, ૮ મુજબનો ગુન્હો સાબીત થયેલાનું કોર્ટે ઠરાવેલ છે ત્યારે તે મુજબ તે ગુનામાં સજા કરવાનું ઠરાવુ છું.

**ભોગ બનનારને કમ્પેન્સેશન**

(૪૦) હાલના કેસમાં ભોગ બનનાર એક ૧૫ વર્ષની નાની બાળકી બનાવ સમયે હતી. ભોગ બનનારને આ બનાવ થકી શારીરીક અને માનસીક આઘાત તથા ઇજા પહોંચેલ હોય તે સ્વાભાવિક છે. ગુજરાત સરકારની વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ, ૨૦૧૯ ધ્યાને લેતા આ પ્રકારના કિસ્સામાં ભોગ બનનારને વળતર ચુકવવાની જોગવાઇ કરવામાં આવેલ છે. ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તથા ભોગ બનનારની કુમળી વયની ઉંમરને ધ્યાને લેતા સદર વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ અન્વયે જણાવવામાં આવેલ અને

જોગવાઈ કરવામાં આવેલ રકમ મુજબ ભોગ બનનારને વળતર ચુકવવાનું થાય છે. જે મુજબ રેપના કિસ્સામાં ભોગ બનનારને ઓછામાં ઓછી રકમ રુપિયા ચાર લાખ અને મહત્તમ રુપિયા સાત લાખ અને જો ભોગ બનનાર સગીર વયની હોય તો જોગવાઈ મુજબની રકમ કરતા ૫૦ % રકમ વધારે આપવાની જોગવાઈ છે. હાલના કેસમાં ભોગ બનનાર ૧૨ વર્ષની નાની બાળકી છે અને ભોગ બનનાર વિરુધ્ધ આરોપીએ રેપ કર્યા અંગેનો ગુનો સાબીત થયેલ છે. જેથી ભોગ બનનારને ગુજરાત વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ અન્વયે રુપિયા ૪,૦૦,૦૦૦ (અંકે રુપિયા ચાર લાખ પુરા) જેમાં વચગાળાના વળતરની રકમ અગાઉ ચુકવેલ હોય તો તે રકમ બાદ થયા પછીથી બાકી રહેતી રકમ ભોગ બનનારને ગુજરાત વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ અન્વયે વળતર તરીકે ચુકવવામાં આવે તો તે યોગ્ય જણાય છે.

(૪૧) આરોપીને આ કેસમાં તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય સજા અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**: હુ ક મ :**

**૧)** આ કામના આરોપી રાહુલ લાખાભાઈ જાદવને રાણાવાવ ગુ.ર.નં.પાર્ટ એ-૧૧૨૧૮૦૧૫૨૫૦૨૨૧/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(આઈ)૬૫(૧) તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૮ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**૨)** આ કામના આરોપીને બી. એન. એસ.ની કલમ-૧૩૭(૨) મુજબના ગુના સબબ ૦૭ (સાત ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં

આવે છે અને રૂ. ૧૦૦૦/− (અંકે રૂપિયા એક હજાર પુરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ ૦૨ (બે) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૩) આ કામના આરોપીને બી. એન. એસ.ની કલમ−૮૭ મુજબના ગુના સબબ ૧૦ (દસ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ.૫૦૦૦/− (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ ૦૩ (ત્રણ) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૪) આ કામના આરોપીને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ−૪ મુજબના ગુના અન્વયે આજીવન કેદની એટલે કે આરોપીના જીવનના અંતીમ શ્વાસ સુધીની કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ. ૨૦,૦૦૦/− (અંકે રૂપિયા વીસ હજાર પુરા) દંડ કરવામાં આવે છે.

૫) આ કામના આરોપીને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ−૬ મુજબના ગુના અન્વયે ૨૦(વીસ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ. ૨૦,૦૦૦/− (અંકે રૂપિયા વીસ હજાર પુરા) દંડ કરવામાં આવે છે.

૬) આ કામના આરોપીને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ, ૨૦૧૨ની કલમ−૮ મુજબના ગુના સબબ ૦૫ (પાંચ) વર્ષની સખત કેદની સજા ફરમાવવામાં આવે છે અને રૂ.૫૦૦/− (અંકે રૂપિયા પાંચસો પુરા) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ

૦૧ (એક) વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. દંડની રકમ ભોગ બનનારને ચુકવવી.

**૭)** આ કામના આરોપીને બી.એન.એસ. કલમ–૬૪(૨)(આઇ), ૬૫(૧) મુજબના ગુના સબબ અલગથી કોઇ સજા કરવામાં આવતી નથી.

**૮)** બી.એન.એસ.એસ. ની કલમ–૪૬૭ મુજબ આરોપીએ ઉપરોકત તમામ સજા એક સાથે ભોગવવાની રહેશે.

**૯)** બી.એન.એસ.એસ.ની કલમ–૪૬૮ ની જોગવાઇ મુજબ આરોપીને ભોગવેલ સજા મજરે આપવી.

**૧૦)** આ કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ બીન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો અને જો અપીલ થાય તો અપીલ કોર્ટના હુકમ મુજબ નિકાલ કરવો. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન અન્વયે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અન્યથા મુદ્દામાલ વાહનની અપીલ સમય વિત્યા બાદ યોગ્ય ઈન્કવાયરી કરીને મુળ માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**૧૧)** બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૪ ની જોગવાઇ અન્વયે આરોપીને આ ચુકાદાની સર્ટીફાઇડ નકલ વિનામુલ્યે તાત્કાલીક આપવી.

**૧૨)** બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૬ ની જોગવાઇ અન્વયે આ ચુકાદાની એક નકલ ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ, પોરબંદરને મોકલી આપવી.

**૧૩)** આ ચુકાદાની એક નકલ ડીસ્ટ્રીકટ લીગલ સર્વિસ ઓથોરીટી, પોરબંદરને, ભોગ બનનારને વળતર ચુકવવા માટે મોકલી આપવી.

**૧૪)** આ કામના આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરવામાં આવે છે.

**૧૫)** આ કામના આરોપીનું ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઇ મુજબ આરોપીના નામનું સજા વોરંટ ઇસ્યુ કરવુ.

આ હુકમ આજરોજ તા. ૨૩ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૨૩/૦૪/૨૦૨૬
સ્થળ : પોરબંદર.

(પી. એચ. શર્મા)
સ્પે. જજ (પોકસો)અને
એડીશ્નલ સેસન્શ જજ,
પોરબંદર.
GJ00701